ફ્રેન્ડશીપ, લવલફરાના નામે હાલી નીકળનારા લેભાગુઓનો ગામમાં કોઇ તૂટો નથી, ચેતતા રહો બચતા રહો

# લવ સેક્સ ધોખાની બે ઘટનાઃ બે યુવતિ સાથે દૂષ્કર્મ બાદ દગાખોરી



**એક યુવતિ સાથે ત્રણ વર્ષ કહેવાતા પ્રેમીએ દેહ પીંખ્યો પછી કહી દીધું હવે લગ્ન નથી કરવાઃ બીજાએ પણ લગ્નની લાલચ દઇ વારંવાર શરીરસંબંધ બાંધ્યો, વિડીયો-ફોટા લીધા અને છેલ્લે બીજી જોડે પરણી ગયો**

રાજકોટઃ સગીર અને કિશોર વયની બાળાઓ, વિદ્યાર્થીનીઓ તેમજ કોલેજીયન છાત્રાઓ કે યુવતિઓને કોઇને કોઇ રીતે મિત્રતાના નામે કે પછી લગ્નની લાલચ આપીને ફસાવી લઇ દૂષ્કર્મ આચરવાની વધી ગયેલી ઘટનાઓમાં વધુ નવા બનાવનો ઉમેરો થઇ ગયો છે. એક યુવીતને યુવાને લગ્નના નામે ફસાવી ત્રણ વર્ષ સુધી દૂષ્કર્મ આચરી લીધા બાદ છેલ્લે યુવાને લગ્ન કરવાની ના પાડી દઇ સંબંધ તોડી નાંખતા યુવતિ પોલીસ પાસે દોડી જતાં દૂષ્કર્મનો ગુનો નોંધાયો છે. બીજા બનાવમાં ફેશન ડિઝાઇનર યુવતિને લગ્નની લાલચ દઇ દૂષ્કર્મ આચર્યા બાદ કહેવાતા પ્રેમીએ બીજે લગ્ન કરી લીધા હતાં. આમ લવ સેક્સ ઔર ધોખાની બે વધુ ઘટના સામે આવી હતી.

પ્રેમના નામે ફસાવી હવસખોરી આચરવાની ઘટનાઓ પૈકી પ્રથમ બનાવ જોઇએ તો અમદાવાદમાં યુવતીને યુવકે પ્રેમમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપીને ત્રણ વર્ષ સુધી અલગ અલગ હોટલમાં લઈ જઈને દુષ્કર્મ ગુજાર્યુ હતુ. જે બાદ યુવતીએ લગ્ન કરવાની વાત કરી તો યુવકે ઝઘડો કરીને લગ્ન કરવાની ના પાડી દીધી હતી. યુવકે યુવતી સાથે સંબંધ પણ તોડી નાખ્યો હતો. જેથી આ મામલે યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વિશેષ વિગતો જોઇએ તો નવા નરોડામાં પચ્ચીસ વર્ષીય યુવતી તેના પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. ત્રણ વર્ષ પહેલા હંસપુરા ખાતે રહેતો અમિત ગોશ્વામી નામનો યુવક યુવતીના સંપર્કમાં આવતા બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો.

ત્યારપછી અમિતે યુવતીને આંબાઆંબલી બતાવી લગ્ન કરવાની વાત કરી હતી. જે બાદ અમિતે યુવતીને લગ્નની લાલચ આપીને આશ્રમ રોડ પર આવેલી એક હોટલમાં લઈ ગયો હતો, જ્યાં યુવતી સાથે બળજબરી પૂર્વક સંબંધ બાંધ્યો હતો. એટલુ જ નહીં લગ્નની લાલચ આપીને યુવતીને નરોડા, નિકોલ સહિત અલગ અલગ જગ્યાએ લઈ જતો હતો અને દુષ્કર્મ ગુજારતો હતો. ત્રણ વર્ષ બાદ યુવતીએ લગ્નની વાત કરી ત્યારે અમિતે તેની સાથે ઝઘડો કરીને મારે તારી સાથે લગ્ન કરવા નથી તેમ કહીને સંબંધ તોડી નાખ્યો હતો. જેથી આ મામલે યુવતીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અમિત ગોશ્વામી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

બીજી આવી જ એક ઘટનામાં યુવતિ સાથે દગાખોરી થઇ હતી. તેમાં પણ કહેવાતા પ્રેમીએ પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી સર્વસ્વ લૂંટી લીધા બાદ પોતે બીજી જોડે પરણી ગયો હતો. વિગતો જોઇએ તો આ બનાવ વડોદરામાં બન્યો છે. અહિના ગોત્રી ખાતે ફેશન ડિઝાઈનરને આજોડના નરાધમ યુવકે લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજાર્યા બાદ અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. નરાધમે યુવતીના બિભત્સ ફોટો-વીડિયો ઉતારી લીધા હતા. તેના આધારે પણ યુવક તેને શરીર સંબંધ બાંધવા ધમકાવતો હતો. ત્યારે આ મામલે ગોત્રી પોલીસે ગુના નોંધીને તપાસ હાથ ધરી હતી. વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન પિતરાઈના મિત્ર જયકૃષ્ણ નારાયણ વાળંદ(રહે. અમીન ફળિયું, આજોડ) સાથે યુવતિનો પરિચય થયો હતો. બંને વચ્ચે વાત શરૂ થઈ અને વર્ષ ૨૦૧૭ માં હાલોલ ખાતે રિસોર્ટમાં ફરવા ગયા હતા. જયકૃષ્ણએ યુવતીને શરીર સંબંધ બાંધવા કહ્યું હતું.

જોકે ત્યારે યુવતીએ તેને ઇન્કાર કરી દીધો હતો. ત્યારે જયકૃષ્ણએ આપણે લગ્ન તો થવાના છે, તેમ કહી તેની મરજી વિરુદ્ધ જબરજસ્તી દુષ્કર્મ આચર્યું હતું. આ દરમિયાન મે ૨૦૨૪માં જયકૃષ્ણએ અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હતા. જેથી યુવતીએ તેને તે બાબતે પૂછતા જયકૃષ્ણ કહેતો કે, પરિવારે મારા લગ્ન જબરજસ્તી કરાવી દીધા છે, હું મારી પત્ની સાથે છૂટાછેડા લઈને તારી સાથે લગ્ન કરવા માગું છું. તેવી લાલચ આપીને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. જયકૃષ્ણએ યુવતીના બીભસ્ત ફોટો તેમજ વિડીયો પણ ઉતારી લીધા હતા. જોકે ડરને કારણે યુવતીએ આ બાબતે કોઈને જાણ કરી ન હોતી કરી શકી.

પ્રેમ કરવો, મિત્રતા બાંધવી એમાં ખોટુ નથી. પરંતુ હાલના સમયમાં ફ્રેન્ડશીપ, લવલફરાના નામે હાલી નીકળનારા લેભાગુઓનો ગામમાં કોઇ તૂટો નથી. એક ઢુંઢો હજાર મીલ જાયેંગેની જેમ આવા લેભાગુઓ સતત શિકારની શોધમાં હોય છે. આવા લફંગાઓથી બચતાં દરેક બાળાઓ, યુવતિઓ, પરિણીતાઓએ શીખી લેવાનો આજનો સમય છે.

તમારી ભુલ આગળ જતાં તમને પસ્તાવા સિવાય બીજુ કંઇ નહિ આપી શકે.

# સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા ફરી વખત ૩૨ આસામીઓને કરાયા દંડિત

રાજકોટ, તા. ૨૧

કહેવાય ને કે નીભરતાની પણ હદ હોય રાજકોટના વેપારીઓ પર મહાનગરપાલિકા ની સોલિડ વેસ્ટ શાખા દ્વારા સતત પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે સૂચિત કરવામાં આવે છે અને ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવતી હોય છે પરંતુ હાલની સ્થિતિને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ થઈ ચૂકી છે કે વેપારીઓને એક પણ વાતનો ડર છે નહીં અને તેઓ પોતાની રીતે વેપાર કરવા માંગે છે હા તો સામે જે કડકાઈ વિભાગે દાખવવી જોઈ તે પણ જોવા મળતી નથી આટલી તીવ્ર ઝુંબેશ ચાલતી હોવા છતાં દરરોજ પ્રતિ દિવસ કિલોથી લઇ પાંચ કિલો સુધીના પ્લાસ્ટિક તપાસ દરમિયાન મળી આવે છે તેના પર અંકુશ લાદવો ખૂબ જરૂરી છે

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૩૨ આસામીઓ પાસેથી ૨.૧૯ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૦૭ આસામીઓ પાસેથી ૦.૪૮ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૮૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૦.૯૯ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૧૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૦૬ આસામીઓ પાસેથી ૦.૭૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં કરવામાં આવ્યું હતું.




**ગંદકી કરતા લોકો પાસેથી રૂ.૮૬૫૦નો વસૂલ્યો દંડ**

# નિલેશ ડેરી ફાર્મનો નમુનો ફેઇલ આરોગ્ય વિભાગના દરોડા

**૨૨ ધંધાર્થીઓ પર હાથ ધરવામાં આવી તપાસ : નમૂનાની સ્થળ પર જ ચકાસણી**

રાજકોટ, તા. ૨૧

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ''નિલેશ ડેરી ફાર્મ'', નવા થોરાળા શેરી નં.૪/૬ કોર્નર, રામનગર સોસાયટી, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''ચોકલેટ મોદક (મીઠાઇ-લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટીક ફૂડ કલર (ટાટ્રાઝીન) ની માત્રા ધારાધોરણ કરતાં વધુ હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઇલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના જલારામ ચોક થી ગાયત્રીનગર મેઇન રોડ વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૫ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. બીજી તરફ જલારામ ફરસાણ, આરાધના પ્રોવિઝન સ્ટોર, આસોપાલવ જનરલ સ્ટોર, ધરતી રેસ્ટોરન્ટ, સોમનાથ નમકીન, ચામુંડા ફરસાણને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી. જ્યારે બર્ગર ભાઉ, વિનાયક બેકરી પાર્લર , આશાપુરા પ્રોવિઝન સ્ટોર , ઘનશ્યામ પ્રોવિઝન સ્ટોર, ભૂમિ અમુલ પાર્લર , ઇગલ પાર્લર, ચંદુભાઈ દાળપકવાન વાળા, રાધેશ્યામ ડેરી ફાર્મ, ક્રિષ્ના ગાંઠિયા, જલારામ ખમણ, પાલજી સોડા શોપ, જલિયાણ ફરસાણ, ઉમિયા ફરસાણ, નીલકંઠ ડેરી ફાર્મ, ગુજરાત બેકરી તથા બાલાજી ફરસાણની ચકાસણી કરવામાં આવેલ.

### તપાસ દરમિયાન લેવાયેલ નમૂના

**(૧) શુધ્ધ ઘી (લુઝ)ઃ સ્થળ- શ્રી પટેલ વિજય સ્વીટ એન્ડ નમકીન, જલારામ સોસાયટી, મોરબી રોડ, રાજકોટ.**

**(૨) શુધ્ધ ઘી (લુઝ)ઃ સ્થળ- હરેરામ હરેકૃષ્ણ ડેરી ફાર્મ, મનહર સોસાયટી-૧ કોર્નર, પેડક રોડ, રાજકોટ.**

**(૩) શુધ્ધ ઘી (લુઝ)ઃ સ્થળ- માધવ ડેરી ફાર્મ, જય ખોડિયાર પાર્ક, સ્વાતી પાર્ક મેઇન રોડ, કોઠારીયા મેઇન રોડ, રાજકોટ.**

**(૪) BALAJI CRUNCHEX SIMPLY SALTED POTATO WAFERS (30 GM PKD.)ઃ સ્થળ- બાલાજી સેલ્સ એજન્સી, માધાપર સર્વે નં.૨૫, એરટેલ ઓફિસ પાસે, રાજકોટ.**



એક જ સરખા તુક્કાઓ અજમાવીને ગઠીયાઓ જાળ બિછાવે છે, છતાં લોકો જાગૃત નથી થતાં તે ચિંતાજનક

# શેર બજારમાં કમાણીની લ્હાયમાં મિત્રોએ ગુમાવ્યા એક કરોડ

## કેનેડામાં વર્ક પરમીટ વિઝા અને નોકરીના નામે દંપતિને બીજા દંપતિએ દીધો એકવીસ લાખનો ડામ

રાજકોટઃ ઓનલાઇન ફ્રોડની રોજબરોજ બનતી ઘટનાઓમાં રોજ નવી ઘટના સામે આવતી રહે છે. એક ભુલો ત્યાં બીજી ઘટના હાજર હોય એ રીતે રોજ કોઇને કોઇ છેતરાઇ જતું હોય છે. લાખો કરોડોની ઠગાઇના વધુ બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં શેર બજારમાં રોકાણની નામે સાત મિત્રોને ફસાવી એપ્લીકેશન પર ટીપ્સ મોકલી વિશ્વાસમાં લઇ એક કરોડથી વધુની ઠગાઇ કરવામાં આવી છે. બીજા કિસ્સામાં કેનેડા-સિંગાપુરમાં વર્ક વિઝા અને અડતાલીસો ડોલરની નોકરીની લાલચ આપી ઠગ દંપતિએ એકવીસ લાખ પડાવી લીધા હતાં.

ઠગાઇની પ્રથમ ઘટના જોઇએ તો શેરબજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાથી સારૂ એવુ વળતર મળશે અને ટીપ્સ પણ અમે આપીશુ તેવી સ્કીમ બતાવી બે વ્યક્તિઓએ ભેગા મળીને સાત મિત્રો પાસેથી રોકાણના બહાને રૂ.૧.૪૦ કરોડ પડાવી લીધા હતા. જે બાદ રોકાણ કરેલા પૈસા કે વળતર આપ્યુ ન હોવાથી બન્નેએ ઠગાઈ કરી હોવાની જાણ થતા આ મામલે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. અમદાવાદ ઈસનપુરમાં રહેતા ૨૯ પાર્થ શાહ સીએ તરીકે કામ કરે છે. તેમના એક મિત્રએ શેર બજારમાં પૈસા ઈન્વેસ્ટકરવાથી સારૂ એવુ વળતર મળે છે મે ૧૦ લાખ ઈન્વેસ્ટ કર્યા છે. આ સ્કીમ યશ બુલચંદાણી તથા નીલ મહેતા ચલાવી રહ્યા છે તેમ જણાવીને યશ અને નીલ સાથે મુલાકાત કરાવી હતી. જે બાદ યશે અને નીલે પાર્થભાઈને રોકાણ કરવા બાબતે સમજાવ્યા હતા અને રોકાણ કરવા બાબતે સારી ટીપ્સ પણ અમે આપીશુ જેથી તમને સારું વળતર મળશે તેમ જણાવ્યુ હતુ.

આ પછી પાર્થભાઈને વિશ્વાસ આવી ગયો હતો અને રોકાણ કરવા તૈયાર થયા હતા. એટલુ જ નહીં તેમણે તેમના મિત્ર વૈભવ, ચિન્મય, ગૌરવ, કૌશલ, ધવલ અને વિવેકને પણ રોકાણ કરવા માટે તૈયાર કર્યા હતા. પરંતુ ત્યારબાદ આ તમામે કુલ રૂ.૧.૪૦ કરોડનું રોકાણ કર્યુ હતુ. જો કે રોકેલા પૈસાનો નફો મળ્યો ન હતો અને રોકેલા પૈસા પરત માંગ્યા તો પરત આપતા ન હતા. જેથી યશ બુલચંદાણી અને નીલ મહેતાએ શેર બજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાથી ઉંચુ વળતર અપવાવવાની લાલચ આપીને કુલ રૂ.૧.૪૦ કરોડ પડાવી લીધા હોવાની જાણ પાર્થ શાહને થતા તેમણે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરાવતા તપાસ શરૂ થઈ છે.

ઠગાઇની બીજી ઘટના વિદેશના વિઝાના નામે ફ્રોડની છે. ગાંધીનગરના પતિ-પત્નિએ કેનેડામાં વર્ક વિઝા તથા ૪૮૦૦ ડોલરની નોકરી આપવાનો વિશ્વાસ આપીને ઠગ દંપતીએ પહેલા કુલ રૂપિયા બાર લાખ મેળવી લીધા હતા. જે બાદ કેનેડાનું કામ થવામાં સમય લાગશે તમને સિંગાપુરમાં બે વર્ષ માટે વર્કપરમીટ વિઝા કરાવી આપું છું તેમ કહીને ઠગ દંપતીએ બીજા રૂપિયા નવ લાખ પડાવી લીધા હતા.

જો કે કેનેડા કે સિંગાપુરના વર્કપરમીટ વિઝાનું કોઈ પણ પ્રકારનું કામ કર્યુ ન હોવાથી ભોગ બનેલા દંપતિએ ઠગ દંપતીનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઈ સંપર્ક ન થતાં સીઆઈડી ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. ગાંધીનગરમાં રહેતા ૨૭ વર્ષીય રીતુબેન અને તેમના પતિ શિવરાજ ચૌધરીને કેનેડા ખાતે વર્ક વિઝા પર જવા માંગતા હતા. જેથી તેમણે ગાંધીનગર ખાતે રહેતા એજન્ટ પાયલબેન અને તેમના પતિ પ્રશાંત પરમારનો સંપર્ક કર્યો હતો.

જે તે સમયે આ દંપતીએ કેનેડા જવાના ૩૩ લાખ જેટલો ખર્ચ થશે. તેમજ એડવાન્સ પેટે રૂ.૧૨ લાખ અને ફાઈલ પ્રોસેસનો છ માસ જેટલો સમય લાગશે તેવું જણાવ્યુ હતુ. એટલુ જ નહીં કેનેડામાં ૪૮૦૦ ડોલરની નોકરી પણ અપવવાની વાત કરી હતી. જેથી રીતુબેને વિશ્વાસ રાખીને રૂ.૧૨ લાખ આપ્યા હતા. પરંતુ આટલી રકમ લઈ લીધા બાદ પણ આ દંપતિને કોઇ પણ પ્રકારના વર્ક પરમીટ વિઝા ન મળતાં અંતે છેતરાઈ ગયાની ખબર પડતાં પોલીસને જાણ કરી હતી. એક જ સરખા નુસ્ખાઓનો ઉપયોગ કરી ઠગાઇ કરવાના કિસ્સા રોજીંદા બની ચુક્યા છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને છેતરાઈ રહ્યા છે. આ ઘટનાઓ તેનો વધુ એક પુરાવો આપી રહી છે.

ગમે તેવો શાતીર ગુનેગાર ભલે હોય પોલીસના હાથમાં ક્યારેક તો આવી જ જાયઃ નોંધપાત્ર કામગીરી

# ત્રણ દસકાથી ફરાર ચોરે કુંભમેળામાં સ્નાન કર્યુ ને પોલીસે દબોચ્યો

## બાતમી મળતાં પોલીસની ટુકડી પ્રયાગ પહોંચતા ચબરાક ચોર દિલ્હી રવાના થઇ ગયોઃ પગેરૂ દબાવી ત્યાંથી શોધી કાઢ્યો

રાજકોટઃ ગુનેગારો ગમે એટલા શાતીર હોય અને ગુનો કરી ભલે વર્ષો સુધી ભાગતા ફરતાં હોય પોલીસ તેને કયારેક તો શોધી જ કાઢતી હોય છે. આ પ્રકારના ડિટેક્શન કરતી પોલીસ ખરેખર પ્રશંસા અને અભિનંદનને પાત્ર છે. વર્ષો જુના ગુનાઓના આરોપીઓને શોધી કાઢવાની ઝુંબેશ ચાલી રહી છે તે અંતર્ગત પોલીસે અધધધ એકત્રીસ વર્ષ જુના ગુનાના આરોપીને પકડી લીધો છે. ચોરીના ગુનામાં જેનું નામ ખુલ્યું હતું એ શખ્સ સતત એકત્રીસ વર્ષથી ફરાર હતો. પોલીસને બાતમી મળી હતી કે જેને ત્રણ ત્રણ દાયકાથી પોલીસ શોધી રહી છે એ શખ્સ પ્રયાગરાજ કુંભ મેળામાં પાપ ધોવા-સ્નાન કરવા ગયો છે. આ માહિતી પરથી પોલીસની ટુકડી પહોંચી ગઇ હતી. પરંતુ ચાલાક ચોર ત્યાંથી ભાગીને દિલ્હી તરફ ગયો હતો. પોલીસે પગેરૂ દબાવી ત્યાંથી ઉઠાવી લીધો હતો.

પોલીસની આ નોંધપાત્ર કહી શકાય તેવી કામગીરી પર નજર કરીએ તો વર્ષન ૧૯૯૫માં રાંદેર સ્થિત મહાવીર પેટ્રોલ પંપમાંથી ૫૧,૦૦૦ની ચોરી કરીને નાસી ગયેલો શીવ બહાદુર ઉદયપાલ રાજપુત આખા એકત્રીસ વર્ષથી પોલીસથી છુપાતો ફરતો હતો. આખરે રાંદેર પોલીસને ચોક્કસ બાતમી મળી કે આરોપી કુંભ મેળામાં પાપ ધોવા ડૂબકી લગાવવા ગયો છે. પોલીસે તરત જ મજબૂત ગેમ પ્લાન બનાવી પણ આરોપી એથી એક પગથિયું આગળ નીકળી ગયો હતો. એકત્રીસ વર્ષ પહેલાં મહાવીર પેટ્રોલ પંપ (રૂષભ, રાંદેર)માં ચોરી કરી નાસી ગયેલો આરોપી શીવ બહાદુર ઉદયપાલ રાજપુત આખા ત્રણ દશકથી પોલીસથી છુપાઈ રહ્યો હતો.

દરમિયન રાંદેર પોલીસને મળેલી એક ચોક્કસ બાતમી અને તેમના સ્માર્ટ પલાનિંગના કારણે આખરે આરોપીને પકડી પાડવામાં આવ્યો છે. આરોપી વર્ષોથી ફરાર હતો અને ક્યારેય પકડાયો ન હતો, પરંતુ રાંદેર પોલીસ તેના લટકતા કેસને ઉકેલવા સતત પ્રયત્નશીલ હતી. કેસના તમામ જૂના રેકોર્ડ્સ તપાસ્યા અને ટેકનિકલ સર્વેલન્સ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી.આ દરમિયાન પોલીસને બાતમી મળી કે કુંભ મેળા (પ્રયાગરાજ) માં શીવ બહાદુર હાજર છે. કુંભ મેળા નહાવવા માટે ગયો હતો.પોલીસની ટીમે ગુપ્ત રીતે કુંભ મેળામાં જઈ તપાસ શરૂ કરી પરંતુ, આરોપી ત્યાંથી નીકળી ગયો હતો. આરોપી કુંભમાંથી દિલ્હી જતો હોવાની માહિતી મળી અને પોલીસ તુરંત જ તેની પાછળ લાગી. આરોપી કુંભ મેળામાં હોવાની બાતમી રાંદેરના હેડ કોન્સ્ટેબલ કિરીટ સિંહને મળી હતી. બાતમી મળતા તરત જ પોલીસે તપાસ શરૂ કરી હતી પરંતુ, એ ખબર પડી કે તે કુંભથી દિલ્હીના અગ્રવાલ ભવન ખાતે ગયો છે. ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત તપાસ દ્વારા આરોપીના હાલના ફોટા અને મોબાઈલ નંબર મળ્યો. પોલીસે સિક્યુરિટી કંપની બનીને આરોપીને વધારે પગારની લાલચ આપી.જ્યારે આરોપી નોકરી માટે મળવા આવ્યો ત્યારે એકદમ ટ્રેપ ગોઠવી પકડી પાડવામાં આવ્યો

વધુ વિગતો જોઇએ તો ૧૯૯૫માં શીવ બહાદુર મહાવીર પેટ્રોલ પંપ (રૂષભ, રાંદેર) પર સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો.એક રાતે પેટ્રોલ પંપની ઓફિસમાંથી રૂ.૫૧,૦૦૦ની રોકડ ચોરી કરી નાસી ગયો હતો. ૩૧ વર્ષથી અલગ-અલગ શહેરોમાં નામ અને ઓળખ બદલીને જીવતો હતો. રાંદેર પોલીસે શીવ બહાદુરને સુરત લાવી વધુ પૂછપરછ શરૂ કરી છે.તે એકત્રીસ વર્ષ દરમિયાન ક્યાં હતો? અન્ય કોઇ ગુના આચર્યા છે કે કેમ? તે સહિતની તપાસ થઇ રહી છે.



### બે મહિનામાં સાત મહિલાની ડોકમાંથી ચેઇન, મંગલસુત્ર ખેંચનારા બે સીકલીગર ઝડપાયાઃ સાડા સાત લાખના દાગીના કબ્જે

બીજી તરફ પોલીસે મહિલાઓને ટારગેટ બનાવી સોનાના ચેઇન, મંગળસુત્રની ચીલઝડપ કરતાં શખ્સને દબોચી લીધો છે અને તમામ મુદ્દામાલ કબ્જે કર્યો છે. બે મહિનામાં તેણે સાત મહિલાઓને ચિલઝડપનો શિકાર બનાવી હતી. વડોદરા શહેરમાં મહિલાઓને ટાર્ગેટ કરીને છેલ્લા ૨ માસમાં ૭ મહિલાઓના ગળામાંની સોનાની ચેઇન અને મંગળસુત્ર તોડી જનાર બે રીઢા આરોપીઓને ૭.૨૭ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. વાઘોડિયા રોડ પર મેઘાનગર સોસાયટીમાં રહેતા પ્રેરણાબેન દ્વારકેશભાઈ શાહ નિવૃત્ત જીવન ગુજારે છે. તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, ૨૭ જાન્યુઆરીના રોજ બપોરના સમય હું અકોટા સયાજીગૃહ ખાત મારા સંબંધી દ્વારા કથા રાખવામાં હોય ત્યાં ગઈ હતી.

ત્યાથી રિક્ષામાં બેસી ઘરે પરત આવવા માટે નીકળી હતી અને રાત્રીના આઠેક વાગ્યાના અરસામા હું રિક્ષામાથી ક્લાદર્શન ચાર રસ્તા પાસે તરીને બીજી રિક્ષાની રાહમાં ભી હતી.

તે સમયે અચાનક બાઈક ઉપર બે અજાણ્યા આવ્યા હતા અને બાઈક પર પાછળ બેસેલ ઈસમેમ ગળામાં પહેરેલી ૪૫ હજારની સોનાની ચેઈન તોડીને પરિવાર ચાર રસ્તા બ ભાગી ગયા હતા. જેથી મે બૂમો પાડતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા. તે ઈસમો કંઈ બાઈક લઈને આવેલ હતા તેની મને અંધારામાં ખબર પડી ન હતી.

અમારે કુટુંબના લગ્ન -સંગમાં બહાર ગામ જવાનું હોય જે તે વખતે પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા આવેલ ન હતા. પાણીગેટ પોલીસ દ્વારા ચેન તોડી ભાગેલા ગઠિયાઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરાઈ હતી. વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર પંચમ ડુપ્લેક્સમાં રહેતા શકુંતલાબેન ચન્દ્રકાંતભાઈ પરમારે ફરિયાદ છે કે ગઈ સાત ફેબ્રુઆરીના રોજ હું તથા મારા પાડોશી ભાનુબેન ગૌરધરભાઈ રાઠોડ સાથે રઘુકુળ સ્કુલ પાસે સાંજના ૭.૩૦ વાગ્યાના અરસામાં વોકીંગમાં નિકળેલા હતા અને સાંજના પોણા સાતેક વાગ્યાના સુમારે રઘુકુળ સ્કુલની આગળ જતા નજીક આવ્યા હતા ત્યારે અમારી સામેથી મોટરસાયકલ પર બે શખ્સ આવ્યા હતા અને પહેરેલ સોનાની માળા મારા ગળામાંથી ખુચવી લીધી હતી અને મે બુમાબુમ કરતા આ અજાણ્યા ઈસમ તેની બાઈક લઈને રામદેવનગર-૧ તરફ ભાગી ગયા હતા.

બાપોદ પોલીસે વૃદ્ધાની ફરિયાદના આધારે બાઈક સવાર ગઠિયાઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચ એ ચેઈન સનેચિંગ કરતા આરોપી તારાસિંગ કલ્લુસિંગ બાવરી-સીકલીગ, રહે.સયાજીપુરા ગામ, નવીનગરી, માર્કેટ પાછળ, વડોદરા અને દિલદારસીંગ તુફાનસીંગ બાવરી સીકલીગર રહે. વારસીયા, વિમા દવાખાના પાસે, વડોદરાની ધરપકડ કરી છે. બંનેએ સાત ગુના કબુલ્યા છે.

# અહો આશ્ચર્યમઃ ૨૪ કલાકમાં ૧.૩૯ કરોડની વસુલાત કરતું વેરા વસુલાત વિભાગ

## ૧૧ મિલકતોને કરવામાં આવી સીલ : કુલ રિકવરી નો આંકડો ૩૬૬ કરોડ : રજાના દિવસોમાં પણ હાથ ધરાશે કાર્યવાહી

રાજકોટ, તા. ૨૧

ગત વર્ષના ટાર્ગેટ ને પહોંચી વળવા માટે હાલ રાજકોટ મહાનગરપાલિકા અને વેરા વસુલાત વિભાગ દ્વારા વિવિધ જગ્યાઓ પર નરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે વર્ષ ૨૦૨૪- ૨૫ માટેની જે રિકવરી ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે તે મુજબ હવે કુલ ગઈકાલે વિભાગ દ્વારા ૧૧ મિલકતને સીલ કરવામાં આવી હતી જ્યારે ૧૩ મિલકતમાંથી રિકવરી થયેલી હોવાનું માલુમ પડ્યું છે અને ગઈકાલે એક જ દિવસમાં વેરા વસુલાત વિભાગ દ્વારા ૧.૩૯ કરોડની રિકવરી કરવામાં આવી હતી.




માહિતી મુજબ વોર્ડ નંબર એકમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા યુનિટ માંથી અઢી લાખ રૂપિયા જ્યારે ગોવિંદ નગર એકમાં આવેલા યુનિટ ને નોટિસ પાઠવવામાં આવી હતી જેની સામે ૫૩ હજાર રૂપિયાની રિકવરી થયેલી છે તેવી જ રીતે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા એક યુનિટ સામે ૪.૮૬ લાખની રિકવરી કરવામાં આવી. બીજી તરફ જામનગર રોડ પર આવેલા એક યુનિટને જે નોટિસ આપવામાં આવી તેમાં ૫૬ લાખ રૂપિયા ની વસૂલાત થઈ એવી જ રીતે વોર્ડ નંબર ત્રણમાં આવેલા લોહાણાપરામાં એક યુનિટના બાકી માંગણી સામે ૧.૩૨ લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા તો બીજી તરફ વોર્ડ નંબર સાતમાં આવેલા સુભાષચંદ્ર રોડ પર એક યુનિટને નોટિસ સામે ચાર લાખ રૂપિયાની રિકવરી થઈ હતી. પેલી તરફ ટાગોર રોડ પર આવેલા ધન લક્ષ્મી બિલ્ડીંગમાં એક યુનિટને સીલ કરવામાં આવ્યું તો ફૂલછાબ ચોકમાં આવેલા એક યુનિટના બાકી માંગણી સામે ૧ લાખનો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો.

એવી જ રીતે ગોંડલ રોડ પર આવેલા સાગર આર્કેડ કોમર્શિયલ કોમ્પ્લેક્સ માં સીલની કાર્યવાહી કરાતા જ ૯૮ હજારની રિકવરી કરવામાં આવી. યાજ્ઞિક રોડ પર આવેલા એક યુનિટના બાકી માંગણી સામે ૯૬ હજારની રિકવરી કરાય. તો બીજી તરફ મહુડી મેઈન રોડ પર આવેલા એક યુનિટને નોટ કરવામાં આવી હતી અને સામે ૫૦,૦૦૦ રૂપિયાની રિકવરી કરવામાં આવી તો બીજી તરફ સમ્રાટ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક યુનિટ માંથી વિભાગને ૧.૦૨ લાખની રિકવરી થઈ છે. જ્યારે ગોંડલ રોડ પર આવેલા એક યુનિટને આપવામાં આવેલી નોટિસ સામે ૬૯ હજાર રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. એસી ફુટ રોડ ઉપર આવેલા એક યુનિટ પાસેથી ૪૮ હજાર રૂપિયા વસુલાયા છે. ગઈકાલે હાથ ધરવામાં આવેલી કામગીરી ને ધ્યાને લઈ કુલ છ મિલકતોને સીલ કરવામાં આવી હતી અને ૧.૩૯ કરોડ રૂપિયાની રિકવરી વેરા વસુલાત વિભાગ દ્વારા કરવામાં આવેલી છે. ત્યારે ગઈકાલ ની સ્થિતિએ કુલ ૩૬૬ કરોડ રૂપિયા વેરા વિભાગને રિકવરી પેટે મળ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજા ના દિવસોમાં વેરા વસુલાત વિભાગ દ્વારા કામગીરી ચાલુ રાખવામાં આવશે અને અપીલ પણ કરવામાં આવી છે કે જે કોઈનો વેરો બાકી હોય તે સમય રહેતા ભરી દે.

# સરોજિની નાયડુ સ્કૂલ ખાતે યોજાયો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

## ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો નિષ્ણાંતો દ્વારા જવાબ

રાજકોટ, તા. ૨૧

ગુજરાત રાજ્યનું દરેક બાળક પોતાના જીવનમાં આત્મનિર્ભર બને તેમજ દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહે તે માટે રાજ્ય સરકારે જુદી જુદી યોજનાઓનો અમલ કરાવ્યો છે. જે સંદર્ભે રાજકોટ શહેરની સરોજીની નાયડુ સ્કુલ ખાતે રોજગાર કચેરી, સમગ્ર શિક્ષા અભિયાન, વ્યવસાયિક સંસ્થા અમદાવાદના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કર્યું હતું. જેમાં સરોજીની નાયડુ સ્કુલ, અમથીબાઈ સ્કુલ અને બારદાનવાલા સ્કુલના ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનવા કારકિર્દી લક્ષી વિવિધ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શાળા સલાહકાર ભાવનાબેન ભોજાણીએ વિદ્યાર્થીઓને પોતાના જીવનમાં આત્મનિર્ભર બનવા માટે પોતાના રસના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવા તેમજ જીવનમાં દરેક પરિસ્થિતિ સામે લડવા મજબુત મનોબળ રાખવા અનેક કિસ્સાઓના માધ્યમથી સમજાવ્યું હતું. વધુમાં તેઓએ સફળ વ્યક્તિઓના ઉદાહરણના માધ્યમથી શિક્ષણ, આત્મનિર્ભરતા અને કારકીર્દિના મહત્વ અંગે ખુબ જ ઊંડાણપૂર્વક વિદ્યાથીઓને માહિતગાર કર્યા હતા.

આ તકે રોજગાર કચેરીના કરિયર કાઉન્સિલર રાજેશભાઈ ચૌહાણે રોજગાર કચેરી વિદ્યાર્થીઓને ધો.૧૦ અને ૧૨ પછી વિવિધ કોર્ષ વિશે તેમજ ધો.૧૦ અને ૧૨માં સારી ટકાવારી લેતા પોસ્ટ વિભાગમાં સીધી ભરતીથી નોકરી મળે તે અંગે વિસ્તૃત વર્ણન કર્યું હતું. ઉપરાંત, આઈ.ટી.આઈ. લક્ષી તમામ કોર્ષ અને એમ્પ્લોયમેન્ટ કાર્ડ કઢાવવાની પ્રક્રિયા અંગે જાણકારી આપી હતી. રોજગાર કચેરીના વિદેશી રોજગાર કાઉન્સિલર હમીરભાઈ ચૌહાણે વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે જરૂરી તમામ કાર્યવાહી વિશે વિગતે માહિતી આપી હતી. ઉપરાંત, વિદેશ અભ્યાસ માટે લોન મેળવવા અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓના ભાવિને મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક જવાબો ભાવનાબેન, રાજેશભાઈ, હમીરભાઈ અને રાજકોટ કોર્પોરેશનના એસ.એસ.એ. વિભાગના ડી.આર.પી. લકીરાજભાઈએ આપ્યા હતા. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન એપરલ ટ્રેનર શ્રી દિપ્તીબેન ભીમાણીએ કર્યું હતું. આ સેમીનારમાં શ્રીમતિ સરોજીની નાયડુ સ્કુલના આચાર્ય સોનલબેન ફળદુ, રાજકોટના ત્રણેય ઝોનના બી.આર.પી., વોકેશનલ વિષયના ટ્રેનર, ત્રણેય સ્કુલના શિક્ષકશ્રીઓ સહીત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધરારપ્રેમીઓ અત્ર તત્ર સર્વત્ર પડ્યા પાથર્યા હોય છેઃ વધુ એક લેભાગુની કરતૂત ખુલી

# મહિલાએ મિત્રતાની ના પાડતાં FAKE ID બનાવી કરી બદનામ

રાજકોટઃ અમુક વિકૃત ઢગા એવા હોય છે જે પોતાનું મનનું ધાર્યુ ન થાય તો કોઇપણ હદ સુધી જઇ શકતા હોય છે. એક આવો જ શખ્સ પોલીસના હાથમાં આવ્યો છે. આ શખ્સ એક મહિલાને પોતાની સાથે મિત્રતા રાખવા સતત દબાણ કરતો હતો. પરંતુ મહિલા આને માટે તૈયાર ન હોઇ આ વિકૃત શખ્સે મહિલાના નામનું ફેક એકાઉન્ટ તૈયાર કર્યુ હતું અને જે તે મહિલાને બદનામ કરવા સોશિયલ મિડીયા પર અશ્લીલ ફોટા, કોમેન્ટ કરી હેરાન પરેશાન કરતો હતો. અંતે પોલીસે તેને શોધી કાઢ્યો હતો. બીજી તરફ અન્ય એક બનાવમાં પતિએ પત્નિની હત્યા કરી નાંખી હતી તેમા ચોંકાવનારી વિગતો સામે આવી છે. પત્નિને આડા સંબંધ છે એવી શંકાને કારણે પતિ કાળઝાળ થયો હતો અને છરીના અગિયાર ઘા ઝીંકી હત્યા કરી ભાગી ગયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો સુરત શહેરમાં એક મહિલા પર એક જાણીતાં વ્યકિત દ્વારા મિત્રતા રાખવા માટે દબાણ કરવામાં આવી રહ્યું હતું. મહિલાએ ઇન્કાર કર્યો તો આરોપીએ મહિલાના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી અશ્લીલ ફોટા અને અભદ્ર ટિપ્પણીઓ પોસ્ટ કરીને તેણીને બદનામ કરવાનો -યાસ કર્યો. આખરે, પીડિતાએ રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, જેના આધારે પોલીસે આરોપીને વલસાડથી ઝડપી લીધો. પોલીસની ટીમે આઇપી એડ્રેસ અને સીડીઆ એનાલિસિસ દ્વારા ફેસબુકના મેટા પ્લેટફોર્મની સહાયથી આરોપીનું લોકેશન શોધ્યું હતું તેના આધારે અઠ્ઠાવીસ વર્ષનો અજીત શિવશંકર યાદવ મૂળ બિહારના નાલંદા જીલ્લાના દુર્ગાપુર ગામનો વતની ઝડપાઇ ગયો હતો. આ શખ્સ હાલ વલસાડ જિલ્લાના વાપી વિસ્તારમાં કલરકામ કરી રહ્યો હતો. રાંદેર પોલીસની ટીમે તાત્કાલિક વલસાડ જઈ આરોપીને ઝડપી પાડ્યો અને તેના મોબાઈલ ફોન કબજે કર્યા હતાં.

આ શખ્સની વિશેષ પુછતાછ થતાં એવુ બહાર આવ્યું હતું કે તેણે આઠ મહિનાથી મહિલાના નામે ફેક એકાઉન્ટ ચલાવી રહ્યો હતો. તે મહિલાના વ્યક્તિગત ફોટા અપલોડ કરતો અને અશ્લીલ કોમેન્ટ્સ પોસ્ટ કરતો હતો.



### પતિએ આડાસંબંધની શંકાને કારણે પત્નિને છરીના અગિયાર ઘા ઝીંકી પતાવી દીધાનું ખુલ્યુંઃ હત્યારો હસ્તગત થયો

### કલર કામ કરતા શખ્સે મહિલાના નામે આઇડી ઉભુ કર્યુ પછી તેમાં અશ્લિલ ફોટા વહેતા કરી ખરાબ કોમેન્ટ કરીઃ પોલીસે દબોચી કાયદો સમજાવ્યો

વધુમાં, મહિલાનો મોબાઈલ નંબર જાહેર કરીને તેને બદનામ કરવાની કોશિશ કરી હતી. આરોપીએ પોલીસ સમક્ષ ગુનાની કબૂલાત કરી હતી. એસીપી બી.એમ. ચૌધરીએ જણાવ્યું કે સુરતમાં સાયબર ક્રાઈમના ગુનાઓ વધી રહ્યા છે, ખાસ કરીને મહિલાઓના નામે ફેક એકાઉન્ટ બનાવી તેમને બદનામ કરવાના કિસ્સાઓમાં વધારો થયો છે. રાંદેર પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે અને વધુ તપાસ ચાલુ છે. પોલીસે લોકોને ચેતવણી આપી છે કે, જે કોઈ પણ સાયબર ગુનામાં સંડોવાશે, તેમના વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

બીજી એક ઘટનામાં સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામે બત્રીસ વર્ષની આશાબેન પરેશભાઇ નિમાવત નામની પરિણિતાની તેના પતિ પરેશ નિમાવતે હત્યા કરી નાખી હતી. આ કેસની તપાસમાં ખુલ્યું હતું કે આડાસંબંધની શંકાને કારણે પતિએ ખુની ખેલ ખેલ્યો હતો. પરેશભાઇ નિમાવત અને તેના પત્ની મુળ લીલીયા તાલુકાના પુંજાપાદર ગામના રહિશ છે. અને છેલ્લા કેટલાક સમયથી સાવરકુંડલાના ખડકાળા ગામે રહેવા આવ્યા હતા. જયાં ગામના પટેલ સમાજ દ્વારા કોમ્યુનિટી કિચન શરૂ કરવામા આવ્યું હોય ત્યાં બંને રસોઇ બનાવવાનુ કામ કરતા હતા. અને ઘરે ઘરે ટીફીન પહોંચાડવાનુ કામ પણ કરતા હતા. તેઓ આ કોમ્યુનિટી કિચનમા જ રહેતા હતા. હત્યા બાદ પતિ પરેશ પોતાના ચાર સંતાનોને લઇ પુંજાપાદર ગામે ચાલ્યો ગયો હતો. સવારે ગામ લોકોને આશાબેનની લાશ રસોડામા પડી હોવાની જાણ થતા સાવરકુંડલા તાલુકા પોલીસને જાણ કરાઇ હતી.

ઘટના જાહેર થતાં પોલીસ ઇન્સ્પેક્ટર પી.એલ.ચૌધરી સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. અમરેલી એલસીબીની ટીમ પણ અહી દોડી ગઇ હતી. દરમિયાન પોલીસે પુંજાપાદર દોડી જઇ પરેશ નિમાવતને હસ્તગત કર્યો હતો. મૃતક આશાબેનને સંતાનમા ત્રણ દીકરી અને એક દીકરો છે. જે પૈકી એક દીકરી ધોરણ સાત અને બીજી દીકરી ધોરણ બારમા અભ્યાસ કરે છે. માતાના મોતથી આ સંતાનો નિરાધાર બન્યાં હતા. આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી દીધી હતી.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# અધઃ પતન

## કિશોરવયે બળજબરી, દુષ્કર્મ.. સાવધાન કરતી ઘટના



સમાચારો જાણવા ખાતર ન જાણો. સમાચારોના પ્રવાહો પર ગહન ચિંતન થવું જોઈએ. પત્રકારત્વ પ્રમાણે મીડિયા સમાજનો અરીસો છે. આ અરીસાના દ્રશ્યો ગંભીરતાથી જોશો તો ખ્યાલ આવશે કે અરીસો આપણને સતત ચેતવણી આપે છે.

સંસ્કારી ગણાતા રાજકોટમાં ૧૭-૧૮ વર્ષના કિશોરે સોશિયલ મીડિયા થકી એક કિશોરીને ફસાવીને લલચાવીને ધમકાવીને દુષ્કર્મ આદર્યું છે. બાળકીઓથી માંડીને મહિલાઓ પર દુષ્કર્મની ઘટનાઓ ચિંતાજનક હદે વધી છે. ટાબરિયા પણ બળાત્કાર કરવા લાગ્યા છે. આવી ઘટનાઓ મીડિયામાં સમાચારરૂપે આવે છે, પણ આશ્ચર્યએ છે કે સમાજના કોઈ ખૂણે ઉહાપોહ થતો નથી.

આવી ઘટનાઓ સામાન્ય ન જ ગણાય. જે પરિવારમાં બન્યું હોય. તે પરીવાર પર આભ તૂટે છે. અન્ય પરિવારો " આપણે શું ?" તેવું માનીને ધબકતા રહે છે. " આપણે શું?" તેવી વૃત્તિ અને પ્રશ્ન આપણને અધઃ પતન તરફ દોરી રહયો છે.

એક લીટર દૂધ બગડે તો એ લીટરે લીટર દૂધ બગડેલું ગણાય, એ લીટર માંથી એક ટીપું એમ કહે કે " મારે શું ?" તો એ ટીપા ની અજ્ઞાનતા ગણાય. આપણે શું ? અને મારે શું ? તેવું માનનારા પરિવાર પર ગુજરે ત્યારે અન્ય પરિવારો પણ કહે છે કે " મારે શું ?" વાસ્તવમાં આપણા પગ નીચે રેલો આવી ગયો છે, સમાજ સાવધ નહીં થાય તો આ રેલો ડુબાડી દેવા સક્ષમ છે.

સમાજ સ્માર્ટ અને શિક્ષિત બની રહ્યો છે, પરંતુ નૈતિકતા અને સમાજદારીની દ્રષ્ટિએ આપણે સ્ત્રાવ હિંનતા તરફ જવા લાગ્યા છીએ. આ દિશા તરફ દોરી રહ્યા છીએ તેના બિહામણા પરિણામો આવવા લાગ્યા છે.

સ્માર્ટ બનવુ ખરાબ નથી, પણ સંસ્કારી ન હોવું અને માત્ર સ્માર્ટ હોવું એ પતનની દિશા છે. શિક્ષણ સાથે નૈતિક મૂલ્યો નહીં ખીલે તો સમાજમાં સ્માર્ટ અને શિક્ષિત રાક્ષસો અને રાક્ષસીઓનું વર્ચસ્વ સ્થપાશે.

સમાજ અનબેલેન્સ થઈ રહ્યો છે, બેલેન્સ કરવાની જવાબદારી દરેકની છે. મુખ્ય જવાબદારી સમાજ ચિંતકો, સમાજના મોભીઓ, કથાકારો-મહાત્માઓ અને સ્વામીઓની છે. અફસોસ છે કે, જેમની જવાબદારી છે એ જ મોટાભાગના હલકીવૃત્તિના થઈ ગયા છે. અમુક શ્રેષ્ઠિઓ આદર્શ છે, પણ મૌન છે અથવા તેને કોઈ ગંભીરતાથી લેતું નથી.

મીડિયા જગતની પણ એક ફરજ લોક શિક્ષણની છે. મોટાભાગના મીડિયા આ ફરજ ચૂકી રહ્યા છે. અમુક મીડિયા તો ખુદ જ આ સમાજીકોના અડ્ડા જેવા બની ગયા છે. લોકોએ સારું-ખરાબ ઓળખવાની ટેવ પાડીને પોતાના પરિવારને પણ આવી ટેવ પાડવી પડશે.

ક્રૂર- દુષ્કર્મ જેવા સમાચારો વાંચીનેજોઈને ભૂલી જવા જેવું નથી. સમાજમાં વ્યાપક સાવધાની-સમજદારી-નૈતિકતા વિકસાવવા કંઈક કરવું જ પડશે. માત્ર દોષારોપણ કર્યે રાખવાથી સમસ્યા નહીં ઉકલે. વ્યાપક પ્રયાસ કરવો પડશે. તાકાત પણ દેખાડવી પડશે.

" પ્રેમભક્તિના હસ્તાક્ષરે "

જીવન નો આનંદ માણવો હોય તો તમારા જીવનને બીજા ની સાથે સરખાવો નહીં, કેમ કે આજે માનવી પોતાના દુઃખ થી જેટલો દુઃખી નથી, તેના કરતાં વધારે બીજાના સુખથી દુઃખી થાય છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ધાર્મિક પ્રવાસન ભગવાનની ભાગીદારી

**ભારતમાં ધાર્મિક પ્રવાસન એટલી હદે વધ્યું છે કે, એ દેશના અર્થતંત્રને બળ પૂરું પાડે છે. અને લાખો - કરોડો લોકોને રોજી પણ આપે છે. જીડીપીમાં એની ભાગદારી ૨.૩૨ ટકા છે. ધર્મસ્થળોમાં માત્ર દર્શન માત્રની આવક ૧.૩૪ લાખ કરોડ છે. કુંભ મેળામાં જે રીતે માનવ મહેરામણ ઉમટી રહ્યો છે આ મેળો આર્થિક રીતે માલામાલ કરી દેશે**



કુંભમેળો બરાબરની જામ્યો છે. રોજરોજ જે આંકડા આવે છે અવિશ્વનીય લાગી રહ્યા છે. ૪૫ કરોડની ગણતરી હતી પણ હજુ મેળો પૂરો થયો નથી ત્યાં શ્રદધાળુઓની સંખ્યા ૫૦ કરોડનો આંક વટાવી ચુકી છે. કદાચ દુનિયામાં કોઈ સ્થળે કોઈ પણ કાર્યક્રમમાં આટલી હદે લોકો આવ્યા હોય એવું ક્યારેય બન્યું નહિ હોય. કુંભ મેળો માત્ર ધાર્મિક અને અધ્યામની દ્રષ્ટિએ જ મહત્વનો નથી પણ આર્થિક દ્રષ્ટિએ એનું મહત્વ છે.

આપણા દેશમાં ધાર્મિક પ્રવાસનમાં ભગવાનની ભાગીદારી સવિશેષ છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ટ્રેડર્સનાં અહેવાલ મુજબ મહાકુભનાં આયોજનથી રૂ. ૩ લાખ કરોડનો વેપાર થવાનો અંદાજ છે. પ્રયાગરાજ નહિ પણ એની ૧૫૦ કિલોમીટરની પેરીરીમાં જેટલા નગરો અને શહેરો આવેલા છે ત્યાં વેપાર ધંધામાં તેજી આવી છે. અને કુંભમાં આવનારી સંખ્યા ૨૬ ફેબ્રુઆરી સુધીમાં ૬૦ કરોડે પહોચે એવો અંદાજ છે.



ખબર ની KHABAR
કૌશિક મહેતા

યુપી સરકારે અને કેન્દ્ર સરકારે મહાકુંભ મેળાનું માર્કેટિંગ આક્રમક રીતે કર્યું એનું પણ આ પરિણામ છે. હોસ્પીટાલીટીથી માંડી કન્ઝ્યુમર ગુડ્સ, મોબાઈલ ફોન સુધીના ક્ષેત્રોમાં વેપાર કલ્પનાતીત વધ્યો છે. આમ તો દેશમાં મંદીનો માહોલ છે. પણ કુંભનાં મેળાએ બજારમાં પ્રાણ ફૂંક્યો છે.

આમેય દેશમાં ધાર્મિક પ્રવાસન વધતું જાય છે. હમણા એક સંત પાસે વાતચીત થતી હતી એમાં એ બોલ્યા આમ બધા ફરિયાદ કરે છે કે મોંઘવારી છે, મંદી છે પણ ધાર્મિક પ્રવાસે લોકો ઉમટી પડે છે. અને લોકો સારા એવા પૈસા ખર્ચે છે તો સમજવું શું? વાત સાચી છે. આપણે ત્યાં ધાર્મિક પ્રવાસનનું બહુ મહત્વ છે. અને મોદી સરકારે એને મહત્વ આપ્યું છે. રામ મંદિર જે રીતે બન્યું અને એમાં લોકોએ પાંચ હજાર કરોડથી વધુનો ફાળો આપ્યો. એ દર્શાવે છે કે, લોકો ધાર્મિકતાની વાત આવે ત્યારે ખિસ્સા ખાલી કરવામાં સંકોચ કરતા નથી. ધાર્મિક સ્થળો, તીર્થ સ્થળો એ માત્ર ધાર્મિકતા કે અધ્યાત્મીક્તા જ નહીં પણ અર્થતંત્રનો હિસ્સો બની ગયા છે.

૨૦૨૨નાં આંકડાની વાત કરીએ તો ધાર્મિક પ્રવાસનની અર્થતંત્ર ૪૦ બિલીયન ડોલરનું હતું. ૨૦૨૨-૨૩માં સરકારી આવક ૧૯,૩૪,૭૦૬ કરોડ હતી અને એ સામે દેશના માત્ર છ મંદિરોની આવક ૨૪,૦૦૦ કરોડ હતી. દેશમાં પાંચ લાખ મંદિરો છે અને એટલા જ પ્રમાણમાં મસ્જીદો છે અને ૩૫,૦૦૦ ચર્ચ છે અને ત્યાં મુલાકાતીઓની સંખ્યા વધતી જ ચાલી છે. એક સર્વે થયેલો અને એમાં તારણ એવું હતું કે, ૨૫ ટકા લોકો વધુ ધાર્મિક થઇ ગયા છે. અને ૨૦૦૭થી ૨૦૧૫ દરમિયાન ધાર્મિકતામાં માનતા લોકોની સંખ્યામાં ૧૧ ટકા જેટલો વધારો થયો છે, આ નાનો આંકડો નથી.

એએસએસઓનાં આંકડાઓ કહે છે કે, ૫૫ ટકા હિંદુઓ ધાર્મિક પ્રવાસન કરે છે અને રોજના રૂ. ૨૭૨૧૭ ખર્ચે અને અને આ આંકડો શિક્ષણ કે સામાજીક પ્રવાસન ખર્ચથી પણ વધુ છે. વર્ષે આ રીતે લોકો ૪.૭૬ લાખ કરોડ ખર્ચે છે. વેપાર યાત્રા કરતા પણ ધાર્મિક યાત્રામાં લોકો વધુ ખર્ચ કરે છે.

એમાં નરેન્દ્ર મોદી અને એમની સરકારે ઉમેરો કર્યો છે. વારાણસી કોરીડોર થયો અને કેદારનાથ અને બદ્રીનાથ ધામને જે રીતે પ્રોજેક્ટ કરાયા એ કારણે ત્યાં જનારા લોકોની સંખ્યા વધી છે. યુપીમાં યોગી સરકાર દ્વારા અયોધ્યાથી માંડી વારાણસી સુધીના શહેરોમાં માળખાકીય સુવિધામાં વધારો કર્યો એનો ફાયદો મળ્યો છે. જમ્મુ કાશ્મીરમાં હજારો મંદિરોનો જીર્ણોધ્ધાર થઇ રહ્યો છે. અને સૌથી મહત્વની વાત એ છે કે, રામમંદિર અને કોર્ટનો ચુકાદો અને રામ મંદિર લોકોના પૈસાએ બનવું એ ઘટનાએ ધાર્મીક્તામાં વધારો કર્યો છે.

આ જ રીતે કેટલાક મુસ્લિમ ધર્મસ્થળોએ પણ ઘસારો વધ્યો છે અને એ સ્થળોની આવક વધી છે.

ભારતમાં પ્રવાસન ઉધોગ છે એમાં ધાર્મિક પ્રવાસનનો હિસ્સો ૬૦ ટકા છે. ૨૦૨૨માં આ આંકડો ૯૦૨ મીલીયન ડોલર હતો અને વૈશ્વિક પ્રવાસનમાં એનો હિસ્સો ૬ થી ૧૧ ટકા થવા જાય છે. કોરોનાના વર્ષોને છોડીએ તો મંદિરોની આવકમાં સતત વધારો થઇ રહ્યો છે. ૨૦૨૨માં દર્શન માત્રની આવક ૧.૩૪ લાખ કરોડ હતી અને એ આવક ૨૦૨૧માં ૬૫,૦૭૦ લાખ કરોડ હતી. આપણે ત્યાં કુંભમેળામાં જે રીતે લોકો જઈ રહ્યા છે એ જોતા સમજાય છે કે, ધાર્મિક ઉન્માદ વધી રહ્યો છે. અને લોકો ત્રેવડ ના હોય તો પણ ધાર્મિક પ્રવાસ માટે વધુ પડતો ખર્ચ કરે છે , અગવડો વેઠવા પણ તૈયાર છે. કુંભમાં ગયેલા એક વ્યક્તિ દીઠ રૂ. ૫૦૦૦ જેટલો ખર્ચ થાય તો પણ ૨૬ ફેબ્રુઆરી સુધીમાં કેટલો વેપાર થશે એની હિસાબ માંડો. અર્થ એ છે કે, માણસ ભૌતિકતાથી થાક્યો છે. જીવનમાં ઘણા બધા પ્રશ્નો છે અને એના ઉપાયો મળતા નથી અને એ હતાશ કે નિરાશ થાય છે અને ત્યારે એ ધર્મનો સહારો લે છે. અને એ જ કારણ છે કે, ધાર્મીક્તામાં વધારો થતો જાય છે. એને કોઈ ખભો જોઈએ છે, એને કોઈ હાથ ફેરવી એમ કહે કે, વાંધો નહિ, મુંઝાતો નહિ...તારું કલ્યાણ થશે. આવી સાતા દરેકને જોઈએ છે. અને એ ધર્મસ્થળોએ ઝડપથી મળે છે. બાબાઓ પાસે અને એમના આશ્રમમાં મળે છે. એ કેટલી સાચી કે ખોટી એ અલગ ચર્ચાનો વિષય છે. પણ આ દેશમાં ધાર્મિક પ્રવાસન ફળી રહ્યું છે અને એ કેટલી ઝડપથી આગળ વધશે એ કહેવું મુશ્કેલ છે. પણ ધાર્મિક પ્રવાસન એ જીડીપીમાં ૨.૩૨ ટકા જેવો હિસ્સો ધરાવે એ દેશ માટે અને વેપાર ઉદ્યોગમાએ ફાયદાકારક તો છે જ.

# રાજકીય મતભેદોથી ઉપર ઉઠી નવી શિક્ષણ નીતિને આપવું જોઈએ પ્રોત્સાહનઃ ધર્મેન્દ્રપ્રધાન

## તામિલનાડુના મુખ્યમંત્રીના લેટર બાદ કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ આપ્યો વળતો જવાબ : નવી શિક્ષણ નીતિ દરેક રાજયને ધ્યાને લઈ બનાવાઇ

નવીદિલ્હી, તા. ૨૧

નવી શિક્ષણ નીતિના અમલીકરણ પર ચાલી રહેલા વિવાદ વચ્ચે, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિનને પત્ર લખ્યો અને તેમના પર રાજકીય વાર્તા જાળવવા માટે વિકાસશીલ સુધારાઓને ધમકીઓમાં ફેરવવાનો આરોપ મૂક્યો. તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિનને લખેલો પત્ર ખુદ કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કર્યો હતો. સ્ટાલિનને લખેલા પત્રમાં પ્રધાને જણાવ્યું હતું કે તમિલનાડુના મુખ્ય પ્રધાને રાજકીય મતભેદોથી ઉપર ઊઠીને યુવા વિદ્યાર્થીઓના હિત વિશે વિચારવું જોઈએ જેમને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો લાભ મળશે. તાજેતરના દિવસોમાં એમકે સ્ટાલિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. આ પત્રમાં તેમણે કહ્યું કે બે કેન્દ્રીય પ્રાયોજિત પહેલ સમગ્ર શિક્ષા અભિયાન (SSA) અને PM શ્રી શાળાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) સાથે જોડવાનું મૂળભૂત રીતે અસ્વીકાર્ય છે.

આ પત્રનો જવાબ આપતા કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ સીએમ સ્ટાલિન પર નિશાન સાધ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ તમિલનાડુના સીએમને લખેલા પત્રમાં કહ્યું કે પીએમને મોકલવામાં આવેલો પત્ર મોદી સરકાર દ્વારા પ્રમોટ કરાયેલ સહકારી સંઘવાદની ભાવનાનો સંપૂર્ણ ઇનકાર છે. તેથી, રાજ્ય માટે NEP 2020 ને ટૂંકી દ્રષ્ટિથી જોવું અને તેનો રાજકીય લાભ જાળવી રાખવા માટે પ્રગતિશીલ શૈક્ષણિક સુધારાઓને જોખમમાં મૂકવું એ અયોગ્ય છે. હાલમાં, તમિલનાડુ અને કેન્દ્ર સરકાર વચ્ચે રાજ્યમાં NEP લાગુ કરવાને લઈને વિવાદ ચાલી રહ્યો છે. તમિલનાડુની ડીએમકે સરકારે પણ ... શિક્ષણ મંત્રાલય પર મહત્વની ... યોજનાઓ માટે ફંડ રોકવાનો ... આરોપ લગાવ્યો છે. આપને



જણાવી દઈએ કે કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને તેમના પત્રમાં લખ્યું છે કે રાજકીય કારણોસર NEP 2020 નો સતત વિરોધ તમિલનાડુના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓને આ નીતિ દ્વારા પ્રદાન કરવામાં આવેલી અપાર તકો અને સંસાધનોથી વંચિત રાખે છે. નીતિને લવચીક બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે રાજ્યોને તેમની ચોક્કસ શૈક્ષણિક જરૂરિયાતોને અનુરૂપ તેના અમલીકરણને કસ્ટમાઇઝ કરવાની મંજૂરી આપે છે. આ ઉપરાંત, ત્રણ ભાષાના ફોર્મ્યુલાના તમિલનાડુના વિરોધ પર, પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે નીતિ કોઈપણ ભાષા લાદવાની હિમાયત કરતી નથી.

તેમણે એમ પણ કહ્યું કે ઘણા બિન-ભાજપ રાજ્યોએ રાજકીય મતભેદો હોવા છતાં NEPની પ્રગતિશીલ નીતિઓ લાગુ કરી છે. NEP 2020નો ઉદ્દેશ્ય ક્ષિતિજને વિસ્તૃત કરવાનો છે, તેને સંકુચિત કરવાનો નથી. તેમણે તેમના પત્રમાં એમ પણ કહ્યું હતું કે હું તમને રાજકીય મતભેદોથી ઉપર ઊઠીને અમારા યુવા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આ બાબતને સર્વગ્રાહી રીતે જોવાની વિનંતી કરીશ.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ ગોદવરી (ભાગ ૨)

### રામકથા એક નદીનો પ્રવાહ છે, એને કોઈ બાંધી શકતું નથી



સદગુરુ વચનામૃત.

માનસ ગોદાવરી વિષયને અનુસંધાને કહ્યું કે રામ ચરિત માનસ એ એક પ્રવાહ છે, અને જો એ પ્રવાહ નદી સ્વરૂપે હોય તો, એના પાંચ લક્ષણ છે, અને વાલ્મિકી રામાયણમાં એનું પ્રમાણ પણ છે. જીન કે શ્રવન સમુદ્ર સમાના, કથા તુમ્હારી સુભગ સરિ નાના. વાલ્મિકી જી કહે છે કે આપની કથા તો સુંદર વહેતી નદીઓ જેવી છે સતત વહેતો પ્રવાહ છે. રામ પ્રવાહ છે, રામ તત્વ પ્રવાહ છે, રામકથા પણ એક પ્રવાહ છે, એને કોઈ બાંધી શકતું નથી. નદીના પ્રવાહને જ્ઞાનનો પ્રવાહ, ભક્તિનો પ્રવાહ અને કર્મના પ્રવાહ સાથે પણ સરખાવી છે.

નદીના પાંચ લક્ષણની વાત કરતા કહે છે કે નદીરૂપી પ્રવાહનું પહેલું લક્ષણ, નદીનો પ્રવાહ ગતિમાન છે,એનું બીજું લક્ષણ નદીને કોઈકની શોધ છે, એને ક્યાંક સુધી પહોંચવું છે. "સરિતા જલ જલનિધિ મહું જાઈ, હોઈ અચલ જીમી જીવ હરિ પાઈ" એટલે કે દરેક નદી સમુદ્ર સુધી પહોંચવા માટે સતત દોડે છે. પરંતુ મને કંઈક બીજું પણ લાગે છે, એટલે હું મારી તલગાજરડાની નદી રૂપાવાને પૂછું અને કહું કે મેં તને ચોપાઈ સંભળાવી છે, તું તો કંઈક બોલ! તો રૂપાવો નદી કહેશે કે મારું કોઈ લક્ષ નથી, બસ વહેવું એ મારો સ્વભાવ છે, મને કોઈની શોધ નથી. પણ આપણે સ્વીકારી લઈએ કે નદી સમુદ્રને મળવા માટે દોડે છે, અને તેને મળ્યા પછી શાંત થઈ જાય છે. પરંતુ નદી જ્યારે સમુદ્ર ને મળવા માટે દોડતી હોય ત્યારે તે પોતાના માર્ગમાં આવતા ખાડાઓને ભરી દેતી હોય છે, અને મને લાગે છે કે નદી એટલે જ દોડતી હોય છે, કે કોઈના અભાવના ખાડાને ભરી શકે, કોઈની અતૃપ્તિને તૃપ્ત કરી શકે! નદીનું ત્રીજુ લક્ષણ છે કિનારા નિર્મિત કરવા. રામ કથારૂપી ગંગા વહે છે, તો એ લોકને પણ સ્પર્શે છે, અને વેદના શ્લોકને પણ સ્પર્શે છે, એ લોકોને અસ્પૃશ્ય માનતી નથી!,તેમજ વેદને મહાન નથી માનતી. સમુદ્ર અચલ છે એમાં ગતિ નથી, જેથી સુનામી રૂપી વિકૃતિ સંભવ છે. નદીરૂપી પ્રવાહનું ચોથું લક્ષણ એના બંને કિનારાને તે હરિયાળા રાખે છે. રામ કથા આપણને આંતરિક અને બાહ્ય રૂપે હર્યા ભર્યા કરી દે છે. હું એવા ઘણા લોકોને જોઉં છું કે, જે કથામાં આવતા થયા પછી હાર્યા ભર્યા થઈ ગયા! એમને પહેલા ક્યારે આવો આનંદ આવ્યો નહોતો, આજ તો છે રામ નામની બડાઈ! તો નદીરૂપી પ્રવાહની ગતિ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી આંતર બાહ્ય હરિયાળી છવાઈ જાય છે. નદીરૂપી પ્રવાહનું પાંચમું લક્ષણ છે કે એ પ્રવાહ ઈચ્છતું હોય કે કોઈ આવીને એનામાં ડૂબકી મારે! પોતાનું શરીર અને જીવન સ્વચ્છ કરે. તો ગોદાવરી કે અન્ય કોઈ નદીનું પ્રવાહમાન થવું એ તેનો સ્વભાવ છે, કોઈની શોધ કરવા વહેતી નથી, વહેવું એ તેનો સ્વભાવ છે, નદી કોઈને અસ્પૃશ્ય નથી સમજતી, અને કોઈને મહાનતા નથી દેતી, બધાનો સમ આદર કરીને વહેવું એ એનું લક્ષણ છે. આંતરબાહીએ રીતે હલ્યા ભર્યા કરવા એ પણ નદીનો સ્વભાવ છે, અને પાંચમું સ્વભાવગત લક્ષણ કોઈ આવી અમારામાં ડૂબકી લગાવે. કથામાં નવ દિવસ નાહીને ઘરે જશો, ત્યારે ઘરને પણ લાગશે કે સ્વયં ગોદાવરી લઈને આવ્યા.

પરમ મનોહર પંચવટીની ભૂમિ કે જ્યાં ગોદાવરી વહી રહી છે, ત્યાં પ્રભુએ લાંબા સમય માટે નિવાસ કર્યો છે અને અહીં પાંચ પ્રસંગો ઘટ્યાં છે. એમાંની પહેલો પ્રસંગ લક્ષ્મણજી પ્રભુ શ્રીરામને પાંચ પ્રશ્ન પૂછે છે, એ રામ ગીતાનો છે. પ્રભુને સુખાસનમાં બિરાજમાન જોઈને લક્ષ્મણજી છલમુક્ત વચન કહે છે, આપણને એમ થાય કે લક્ષ્મણજી જેવા જાગૃત પુરુષ કઈ રીતે છલયુક્ત બોલી શકે! પરંતુ આપણા જેવા જીવાત્માને સાવધાન કરવા માટે લક્ષ્મણજી માટે આ રીતે લખાયું. સામાન્ય રીતે લોકો જાણવા માટે નહીં પણ માપવા માટે આવતા હોય છે અને મારી પાસે પણ ઘણા લોકો આવે છે.

લક્ષ્મણજીએ ભગવાન રામને માયા શું છે? જ્ઞાન શું છે? વૈરાગ્ય શું છે? ભક્તિ શું છે ? જીવ ઈશ્વરમાં ભેદ શું છે? એમ પાંચ પ્રશ્નો પૂછ્યા છે. શ્રોતાઓને અનુલક્ષીને બાપુ કહે છે, મારા ભાઈ બહેનો આ પાંચ તત્વોનું શરીર એક પંચવટી છે, એમાં ગોદાવરી વહે છે, અને એ ગોદાવરીનાં તટ પર રામની અનુભૂતિ થઈ જાય માટે જીવાચાર્ય આ પ્રશ્ન પૂછે છે! એ જ રીતે ભીતરી જીવે પણ પરમાત્માને પૂછવું જોઈએ કે અમારી જીવનની પંચવટીમાં આ પાંચ સૂત્રને સમજાવો! ભગવાન કહે છે કે તું મન બુદ્ધિ ચિત્તથી સાંભળ. મનથી સાંભળવું એટલે વિચારપૂર્વક સાંભળવું બુદ્ધિથી એટલે નિર્ણાયક તબક્કે પહોંચવું અને ચિત્તથી સાંભળવું એટલે એને પૂરેપૂરું ગ્રહણ કરી લેવું, કારણકે અંતઃકરણમાં મન બુદ્ધિ ચિત્તની સાથે અહંકાર પણ રહેલો છે એ અહંકારથી ક્યારેય સાંભળવું નહીં.

પહેલો પ્રશ્ન માયા શું છે?

"મેં અરુ મોર તૌર તે માયા, જેહી બસ કીન્હે જીવ નિકાયા".

માયા તત્વને સમજાવવામાં પ્રભુએ માત્ર છ શબ્દનો ઉપયોગ કર્યો છે. હે લક્ષ્મણ માયા એટલે આ હું છું અને આ મારું છે, આ તું છે અને આ તારું છે એ માયા છે હું મટી જાય મારું મટી જાય તું અને તારા નો ભેદ જાય એ ક્ષણે જીવ માયા મુક્ત થઈ જાય છે. પ્રભુ એ કહ્યું કે માયા બે પ્રકારની છે માયા વિદ્યામય છે અને અવિદ્યા પણ માયા જ છે.

બીજો પ્રશ્ન જ્ઞાન શું છે?

જ્ઞાન માન જહં એકહુ નહિ, દેખત બ્રહ્મ સમાન સબ માહી.

જ્ઞાન એટલે જ્યાં અભિમાન નથી બધામાં બ્રહ્મનો અનુભવ થાય અભિમાન ન હોય એનું નામ જ્ઞાન છે. બધું જ હોવા છતાં જરા પણ અહંકાર ન હોય અને બધામાં હરી દર્શન થઈ શકે તો એ જ્ઞાન છે શ્રોતાઓને સંબોધતા કહ્યું કે જ્ઞાનનો અહંકાર બહુ બંધનમાં નાખે છે.

ત્રીજો પ્રશ્ન વૈરાગી કોણ છે?

કહિઅ તાત સો પરમ વીરાગી, તૃણ સમ સિદ્ધિ તીનિ ગુન ત્યાગી.

હે લક્ષ્મણ જે સત્વ રજસ અને તમસ એ ત્રણેય ગુણને તેમજ સાધના દ્વારા પ્રાપ્ત કરેલી તમામ સિદ્ધિઓને તણખલાની માફક છોડી દે છે એ મારી દ્રષ્ટિએ પરમ વૈરાગી છે છોડનારને ખબર પણ નથી પડતી કે મેં કંઈક છોડ્યું છે એ અવસ્થાને રામજીએ પરમ વૈરાગી કહી છે. પરંતુ માનવી ચંચળ છે ચાંચલીય એ એનો સ્વભાવ છે એટલે વૈરાગ્ય એટલો સહજ નથી. આપણે લોનમાં બેઠા હોઈએ અને બેસીને તણખલું તોડી અને ફેંકી દઈએ છીએ પણ ઘરે જઈને કોઈ એ ઘટનાની નોંધ લેતું નથી કે કોઈને જણાવતું નથી ભૂલી જાય છે બસ એવી જ રીતે બધી સિદ્ધિઓ છૂટી જાય તો એને પરમ વૈરાગી કહેવામાં આવે છે.

ભક્તિ શું છે? હું કોણ છું જગત શું છે અને જગદીશ શું છે ત્રણેયની જેની પાસે જાણકારી નથી, એનું નામ જ જીવ છે,ફણ ક્રમાનુસાર ક્યારેક બંધનમાં પણ મુક્તિનો અનુભવ કરાવે એ પરમ સત્તાનું નામ શિવ છે, આમ ભક્તિના સાધનોની ચર્ચા કરતા એવા પાંચેય પ્રશ્નના જવાબ પંચવટીમાં ભગવાન રામે આપ્યા.

કથાના ક્રમમાં હનુમાનજીની વંદના પછી તુલસીદાસજી એ સીતારામજીની વંદના કરી, અને (રામ નામ એક પ્રણવ મંત્ર ૐકાર સમાન છે. રામનામમાં બધાં જ નામનો મહિમા આવી જાય છે. કેવળ એકવાર રામ લેવાવાળા ગણેશજી ને બ્રહ્મ પદની પ્રાપ્તિ થઈ! તો મરા મરા રટવા વાળા વાલ્મીકિ શુદ્ધ થઈ ગયાં, અને શિવજી એ રામ રામ રટતા કલાકૂટ ઝેર પીધું અને રામ અને વિષ બંને ભેગા થતાં, એમને વિશ્રામની અનુભૂતિ થઈ).

નહીં કલી કરમ ન ભગતિ બિબેકુ, રામ નામ અવલંબન એકુ.

કળીયુગમાં પરમ તત્વને પ્રાપ્ત કરવા પ્રધાન સાધન કેવળ ને કેવળ હરિ નામ છે, હરિ નામ અતિઉદાર અને પુરાણ તથા વેદનો નીચોડ છે, નામ સાધના બહુ જ સરળ છે, વિનોબાજી પણ નામ સાધના કરતા હતાં, આમ કહી બીજા દિવસની કથાને વિરામ આપ્યો.

સંકલન- ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

અલગ અલગ ધર્મના લોકો વચ્ચે બબાલ થતી રહેતી હોય છે, અહિ તો એક જ ધર્મ વચ્ચે જામી પડી

# તબલીગી જમાતનો હિમાયતી હોવાનું માની સેલ્સમેનને ઝીંકાયા છરીના ઘા

## ભગવતીપરામાં રહેતાં મુળ સોમનાથના મુસ્લિમ યુવાનને તેના જ ત્રણ કુટુંબીએ કેવડાવાડીમાં આંતરી લોહીલુહાણ કરી ખૂનની ધમકી પણ દીધીઃ ભક્તિનગર પોલીસે FIR દાખલ કરી

રાજકોટઃ અલગ અલગ ધર્મના લોકો વચ્ચે ઘણીવાર ડખ્ખા થતાં રહેતાં રહે છે. પરંતુ ઘણીવાર તો એક જ ધર્મના લોકો અને એ પણ સગા સગા હોય એવા લોકો પણ ધર્મને લઈને ઝનુની બની તૂટી પડતાં હોય છે. આવી જ એક ઘટના શહેરના કેવડાવાડી વિસ્તારમાં સરાજાહેર બની હતી. જેમાં મુળ સોમનાથ વેરાવળના વતની અને બે મહિનાથી રાજકોટ ભગવતીપરામાં રહી રેડીમેઇડ કપડાના સેલ્સમેન તરીકે નોકરી કરતાં યુવાનને સાંજે તે કેવડાવાડીમાં હતો ત્યારે તેના જ ત્રણ કુટુંબી સગાએ ધસી આવી ચાલુ મોટર સાઇકલમાં છરીનો ઘા મારી પછાડી દીધા બાદ બીજો ઘા મારી દઈ ઢીકાપાટુનો માર મારી પતાવી દેવાની ધમકી દીધી હતી. આ યુવાન સુન્ની મુસ્લિમ ધર્મ પાળે છે પણ તેના કુટુંબીઓને તે તબલીગી જમાતમાં માનતો હોવાનું લાગતું હોઈ તેના કારણે આ હુમલો થયો હતો.



આ ચોંકાવનારી ઘટનામાં હુમલાનો ભોગ બનેલો યુવાન કેવડવાડીમાં હતો ત્યારે તેના કુટુંબીઓએ તું અહિ રાજકોટ શું કામ આવ્યો? આજે તો જવા દીધો છે, હવે પછી બચીશ નહિ, મારી જ નાંખશું તેવી ધમકી આપતાં ફરિયાદ થઇ છે. ભક્તિનગર પોલીસે ભગવતીપરા નંદનવન સોસાયટી શેરી નં. ૨ હુશેની ચોક સાજીદભાઇના મકાનમાં ભાડેથી રહેતાં મુળ સોમનાથ ગીર વેરાવળના ત્રીસ વર્ષના ફુરકાન હુશેનભાઇ તાઇની ફરિયાદ પરથી મહમદ અબ્દુલભાઇ તાઇ, મોઇન યાસીનભાઇ તાઇ અને યુનુસ ઇકબાલભાઇ તાઇ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફુરકાને જણાવ્યું છે કે હું હાલ રાજકોટમાં બે મહિનાથી રહી સેલ્સમેન તરીકે કામ કરુ છું અને અલગ અલગ દુકાનોમાં વેપારીઓને રેડીમેઇડ કપડા બતાવી ઓર્ડર લઉ છું. તેમજ હું સુન્ની મુસ્લિમ ધર્મ પાળુ છું. જ્યારે સામે મારા કુટુંબી સગા એવા મહંમદ અબ્દુલભાઇ તાઇ સહિતનાને એવુ લાગે છે કે હું તબલીગી જમાતમાં માનુ છું, આ વાતને લઈને મારે મારા આ કુટુંબી સગાઓ સાથે છએક મહિનાથી મનદુઃખ ચાલે છે.

ફુરકાને આગળ જણાવ્યું હતું કે ગુરુવારે સવારે સાડા દસેક વાગ્યે હું બાઇક લઇને શહેરના અલગ અલગ વેપારીઓ પાસે કપડાના ઓર્ડર લેવા ગયો હતો. સાંજે હું ગુંદાવાડીમાં વેપારીઓને કપડા બતાવીને કેવડાવાડી રોડ થઈ સોરઠીયા વાડી સર્કલ તરફ જતો હતો. આ વખતે કેવડાવાડી રોડ સપના કોલ્ડ્રીંક્સ પાસે પહોંચ્યો ત્યારે મારી પાછળ ડબલ સવારીમાં બાઇક પર મારા કુટુંબી સગા મહંમદ અબ્દુલભાઇ અને મોઇન યાસીનભાઇ આવ્યા હતાં. જેમાં પાછળ બેઠેલા મહમદે મને છરીનો ઘા મારતાં ડબાબ બાવડા પર ઈજા થતાં હું બાઇક પરથી પડી ગયો હતો. આ વખતે યુનુસ ઇકબાલ તેનું બૂલેટ લઇને આવ્યો હતો. હું બચવા માટે દોડીને ભાગવા જતાં ત્રણેયએ મને પકડી લીધો હતો અને ગાળો દઈ મહંમદ છરીનો બીજો ઘા મારવા જતાં મેં હાથ આડો રાખતા ડાબી કોણી નીચે ઘા લાગી ગયો હતો. આ પછી મોઇને-તું અહિ રાજકોટ શું કામ આવ્યો છો? કહી ફરીથી ઢીકાપાટુ માર્યા હતાં અને ધમકી આપી હતી કે-આજે તો બચી ગયો છો, હવે પછી જીવતો નહિ રહે તેમ કહી મારી નાખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ લોકો ભેગા થઇ જતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. બાદમાં મેં મારા મોટાભાઇ સુલતાનને જાણ કરતાં તે આવી ગયા હતાં અને મને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ડાબા હાથની કલાઈમાં બાર ટાંકા આવ્યા હતાં. હું સુન્ની મુસ્લિમ ધર્મ પાળુ છું અને હુમલો કરનારા મારા કુટુંબી સગાને એમ લાગે છે કે હું તબલીગી જમાતમાં છું. જેના કારણે છએક માસથી મારી સાથે માથાકુટ કરે છે. આ કારણે ખાર રાખી કેવડાવાડીમાં મને આંતરી છરીથી હુમલો કરી મારી નાખવાની ધમકી આપી હતી. તેમ વધુમાં ફુરકાને કહેતાં ભક્તિનગરના પોલીસ ઈન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી. એલ. રાઠોડે ગુનો નોંધી ત્રણેય હુમલાખોરોની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતાં. ધર્મની બાબતમાં કુટુંબીઓ જ સગા પર તૂટી પડ્યાની વાતે ચકચાર જાગી છે.

# લોકોના વિશ્વાસના પગલે જામજોધપુર, કાલાવડ - ધ્રોલમાં લહેરાયો "ભગવો"

## જામનગર જિલ્લા પ્રભારી ભાનુભાઈ મહેતાએ કહ્યું આગામી દિવસોમાં સિંચાઈના પાણીનો પ્રશ્ન, તથા સફાઈ અને આરોગ્ય મુદ્દે કાર્યો હાથ ધરવામાં આવશે

### જામનગરની ત્રણ નગરપાલિકામાં જે કમળ ખીલ્યું તેની પાછળ જિલ્લા પ્રમુખ રમેશ મુંગરા, જિલ્લા પ્રભારી ભાનુભાઈ મહેતા, મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, અભિષેક પટવા અને પ્રવિણસિંહ જાડેજા સહિત દરેક કાર્યકર્તાઓનો સિંહ ફાળો

રાજકોટ, તા. ૨૧

રાજ્યમાં હાલ નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ પૂર્ણ થઈ છે અને તેમાં ભાજપનું સ્ટીમ રોલર ફરી વળ્યું છે મહત્વની ગણાતી વિવિધ નગરપાલિકાઓમાં ભાજપે પોતાનું કમળ ખીલાવ્યું છે ત્યારે આજે જે વાત કરવી છે તે જામનગર જિલ્લાની ત્રણ નગરપાલિકાની જેમાં જામજોધપુર, કાલાવડ અને ધ્રોલ નગરપાલિકા બેઠકમાં ભાજપનો ભગવો લહેરાયો કુલ ૮૦ બેઠકમાંથી ૬૭ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો છે જેમાં કોંગ્રેસને માત્ર ૧૧ સીટ જ મળી છે. મળતી માહિતી મુજબ જામનગર જિલ્લા પ્રભારી ભાનુભાઈ મહેતાએ રાજકોટ મિરર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે જે મતદારોએ ભાજપ પક્ષ તરફ વિશ્વાસ દાખવ્યો છે આ તેનું પરિણામ છે એટલું જ નહીં પાર્ટી તરફથી જિલ્લા પ્રમુખ રમેશભાઈ મુંગળા પ્રભારી ભાનુભાઈ મહેતા મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, અભિષેકભાઈ પટવા, અને પ્રવિણસિંહ જાડેજા દ્વારા જે કામગીરી કરવામાં આવી છે તેના પગલે આ જીત હાંસલ થયેલી છે. વધુમાં ભાનુભાઈએ તમામ મતદારોનો પણ આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે અન્ય પક્ષની સરખામણીમાં ભાજપનો દરેક કાર્યકર્તા તેના મતવિસ્તારમાં સતત હાજર રહ્યો હતો અને વન ટુ વન બેઠક પણ યોજી હતી અને સરકારની વિવિધ વિકાસલક્ષી યોજના અંગે માહિતગાર પણ કર્યા સામે મૂંઝવતા પ્રશ્નોનું ત્વરિત નિવારણ આવે તે માટે યોગ્ય અને





સાચું આશ્વાસન પણ આપ્યું. જેના પરિણામ સ્વરૂપે કુલ ૮૦ બેઠકમાંથી ભાજપને ૬૭ બેઠક મળી છે જે નાનીસુની વાત સહેજ પણ નથી.

આગામી દિવસોમાં જામનગર જિલ્લાની ત્રણ નગરપાલિકા બેઠકમાં હાલજે સળગતો પ્રશ્ન છે તે સિંચાઈના પાણીનો છે એટલું જ નહીં સફાઈ અને આરોગ્યનો પણ મુદ્દો હાલ અત્યંત વિકટ છે ત્યારે જામનગર જિલ્લા પ્રભારી ભાનુભાઈ મહેતાએ આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે હવે ભાજપ પક્ષનો એ જ લક્ષ્ય છે કે સૌની યોજના મારફતે આ ત્રણે ત્રણ નગરપાલિકામાં સિંચાઈનું પાણી ખેડૂતોને સમયાંતરે મળતું રહે અને જેનાથી ખેડૂતો તેમની ખેતી યોગ્ય રીતે અને વિના વિઘ્ને કરી શકે બીજી તરફ તેઓએ આશ્વાસન આપતા જણાવ્યું હતું અને ભરોસો પણ વ્યક્ત કર્યો હતો કે આ વિસ્તારમાં સફાઈ અને આરોગ્ય માટે હજુ ઘણું કાર્ય કરવાનું બાકી છે જે આગામી દિવસોમાં તેનો વિકાસ જામજોધપુર કાલાવડ અને ધ્રોલના મતદારો જોઈ શકશે.

બીજી તરફ તેઓએ નગરજનોની સાથોસાથ મતદારો અને કાર્યકરોનો પણ આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે કોંગ્રેસ પર હવે મતદારોને અને સ્થાનિકોને સહેજ પણ ભરોસો રહ્યો નથી કારણ કે પાર્ટીને હેન્ડલ કરી શકે તેવું કોઈ એક વ્યક્તિ હજુ કોંગ્રેસમાં જોવા મળતું નથી એટલું જ નહીં કોંગ્રેસમાં સંગઠન પણ નથી કારણકે જો સંગઠન હોય અને પ્રજા માટે કાર્ય કરવું હોય તો તેનો કાર્યકર્તા બજારમાં જોવા મળે પરંતુ આ નગરપાલિકાની ચૂંટણીમાં જામનગરની ત્રણ બેઠક પર કોંગ્રેસ નો એક પણ કાર્યકર દિલથી મહેનત કરી નથી જેનું પરિણામ છે કે માત્ર ૧૧ બેઠક જ કોંગ્રેસને મળી છે.

હાલની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈને જ મતદારોએ ભાજપને મત આપ્યો અને એ વાત પણ સાચી છે કે લોકોનો વિશ્વાસ પણ હવે કોંગ્રેસ પક્ષ અને અન્ય પક્ષ તરફથી ઉડી ગયો છે અને માત્ર ભાજપ જ વિકાસની હરણફાળ ભરાવી શકશે તેવું તેમનું માનવું છે.

ભાજપે કોંગ્રેસના મજબૂત ગણાતા વિસ્તારોમાં જીત મેળવીને કોંગ્રેસના પાયાને હચમચાવી દીધો છે. આ જીત દર્શાવે છે કે લોકો હજુ પણ ભાજપ પર વિશ્વાસ મૂકી રહ્યા છે અને પાર્ટીની નીતિઓ અને કાર્યક્રમોને સમર્થન આપી રહ્યા છે. આ પરિણામો આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણીઓ માટે ભાજપ માટે સકારાત્મક સંકેત છે.

નોખા અનોખા અને નાના મોટા કારણોસર માણસ થઇ જાય છે ટૂંકો રસ્તો પકડવા મજબૂર

# યુવાન, પરિણીતા અને RMC કર્મીએ જિંદગી ટૂંકાવી

## વૈશાલીનગરના ઓગણીસ વર્ષના યુવાને અને બેડીમાં બાવન વર્ષના સરકારી કર્મીએ ગળાફાંસો ખાઇ લધોઃ જસદણમાં એકવીસ વર્ષની પરિણીતાએ ઝર પી મોત મેળવ્યું

રાજકોટઃ સમાજમાં અનેક એવા લોકો હોય છે જે કોઇને કોઇ કારણોસર જિંદગીથી કંટાળી જઇ આત્મહત્યાનો પ્રયાસ કરે આત્મહત્યા કરી લેતાં હોય છે. પોતાની નાની મોટી તકલીફો સામે હારી જતાં લોકો પોતે તો દુનિયા છોડીને તકલીફથી છુટકારો કદાચ મેળવી લેતાં હોય છે. પરંતુ પોતાની પાછસ પરિવારજનો, સગા સ્નેહીઓ, ‍ીમત્રોને વિલાપ કરતાં છોડી જતાં હોય છે. આત્મહત્યાની વધુ આવી ત્રણ ઘટના સામે આવી છે. જેમાં ઓગણીસ વર્ષના એક યુવાન, એક પ્રૌઢ અને એક પરિણીતાએ મોતનો રસ્તો મેળવી લીધો હતો. રૈયા રોડ વિસ્તારના યુવાને અને મોરબી રોડ વિસ્તારના પ્રૌઢે ગળાફાંસો ખાઇને તથા જસદણ પંથકની પરિણીતાએ ઝેરના ઘુંટડા ભરીને દુનિયાને અલવીદા કહ્યું હતું. અ

આત્મહત્યાની આ ઘટનાનો પર નજર કરીએ તો શહેરના કાલાવડ રોડ પર મહિલા કોલેજની પાછળના ભાગે વૈશાલીનગર-૧૦માં રહેતાં ઓગણેસ વર્ષના હિતેષ રણછોડભાઇ મીર નામના યુવાને સાંજે રૂમમાં એકલો હતો ત્યારે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. પરિવારજનો જોઇ જતાં તેને બેભાન હાલતમાં નીચે ઉતારી સારવાર માટે હોસ્પિટલમાં તુરત જ ખસેડ્યો હતો. પરંતુ ડોક્ટરે તેનામાં પ્રાણ નહિ રહ્યાનું જાહેર કરતાં જ પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. આ બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. મિહીરસિંહ બારડે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર હિતેષ બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. તેણે કોલેજ સુધીનો અભ્યાસ પુરો કયો હતો અને નોકરી ધંધાની શોધમાં હતો.

વધુ માહિતી મુજબ આપઘાત કરનારા હિતેષના તેના પિતા મંડપ સર્વિસમાં કામ કરે છે. સાંજે અકળ કારણોસર હિતેષે આ પગલુ ભરી લીધુ હતું. યુવાન અને આશાસ્પદ દિકરાના મૃત્યુથી મીર પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાતનું કારણ પરિવારજનો પણ જાણતાં નહિ હોવાનું કહેવાતાં પોલીસે આગળ તપાસ યથાવત રાખી હતી.

આત્મહત્યાની વધુ એક ઘટના જોઇએ તો મોરબી રોડ પર આવેલા બેડી ગામે રામાપીર મંદિર પાસે રહેતાં અને ભાવનગર રોડ પર આરએમસીની ઓફિસમાં પટ્ટાવાળા તરીકે નોકરી કરતાં બાવન વર્ષના અનિલભાઇ હરિભાઇ મેરીયાએ સાંજે ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. અનિલભાઇએ ઘરે આ પગલુ ભરી લેતાં ૧૦૮ના ઇએમટી બળદેવભાઇ ચૌહાણે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના આસી. સબ ઇન્સ. મોહિતભાઇ કુંભારવાડીયાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી.



એક યુવાને વ્યાજખોરીને કારણે ઝેર પીધું, એક પ્રૌઢે શરદીની બિમારીથી કટાળી ઝેર પીધું!

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર અનિલભાઇ ભાવનગર રોડ પરની આરએમસીની ઝોનલ કચેરીમાં પ્યુન તરીકે નોકરી કરતાં હતાં. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે જે ત્રણેય પરિણીત છે. અનિલભાઇને એકાદ મહિનાથી ચામડીમાં ચાંદા પડવા સહિતની બિમારી લાગુ પડતાં નોકરી પર જતાં નહોતાં. આ બિમારીની સારવાર કરાવવા છતાં ફરક ન પડતાં કંટાળીને આત્મહત્યાનો રસ્તો અપનાવી લીધાનું તેમના સગાએ કહ્યું હતું.

ત્રીજી ઘટના પર નજર કરીએ તો જસદણના નવાગામ ખાતે પ્રવિણભાઇની વાડીમાં પતિ, પરિવાર સાથે રહી મજુરી કરતી મુળ મધ્યપ્રદેશની એકવીસ વર્ષની શિવાનીબેન અખીલેશ વસુનીયા નામની પરિણીતાએ ગત પંદરમીએ વાડીએ ઝેરી દવા પી લેતાં જસદણ સારવાર અપાવી રાજકોટ ખસેડાઇ હતી. અહિ તેણીનું મૃત્યુ થતાં પરિવારજનો શોકમાં ગરક થઇ ગયા હતાં. આપઘાત કરનાર શિવાનીબેનના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર છે. તેણીએ આ પગલુ શા માટે ભર્યુ? તે અંગે પતિ અને પરિવારજનો અજાણ છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આટકોટ પોલીસને જાણ કરતાં કરતાં કારણ જાણવા તપાસ શરૂ કરાઇ હતી.

જ્યારે બે લોકોએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં મોરબી રોડ પર રહેતાં રિક્ષાચાલક યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. મોરબી રોડ જુના જકાતનાકા પાસે શ્રીપાલ સોસાયટીમાં રહેતો બત્રીસ વર્ષનો યુવાન અમિતભાઇ કાંતિલાલ પરમાર ઝેર પી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. જો કે સારવાર બાદ રાતે તેને રજા અપાઇ હતી. અમિતભાઇએ કહ્યું હતું કે પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. હાલમાં આર્થિક ભીંસ ઉભી થઇ છે અને બે લોકો પાસેથી એકાદ લાખ જેવી રકમ વ્યાજે લીધી હોઇ તેનું પણ ટેન્શન હોવાથી કંટાળીને આ પગલુ ભર્યુ હતું. ખરેખર શું કારણ હતું? તે જાણવા પોલીસ તપાસ કરી રહી છે.

બીજા કિસ્સામાં જુનાગઢ જોષીપુરા વિસ્તારમાં સિધ્ધાર્થનગરમાં રહેતાં સત્તાવન વર્ષના શૈલેષભાઇ જમનાદાસ માંડલીયા (ઉ.વ.૫૭) નામના પ્રૌઢે આયુર્વેદિક ફાર્મસી કોલેજ નજીક ઉંદર મારવાની દવા પી લેતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. શૈલેષભાઇ સોની કામ કરી ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. જુની શરદીની બિમારીથી કટાળી જઇ તેમણે આ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જુનાગઢ બી-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. આમ ત્રણ બનાવમાં અલગ અલગ વ્યક્તિએ આપઘાત કરી લીધો હતો અને બે બનાવમાં આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

### ગરમીનો પારો ઉંચો ચડતાં જ લોકો મગજનો પારો ગુમાવવા માંડ્યાઃ બઘડાટીની ઘટના વધી

# દાદાગીરી કરતી નહિ..કહી મહિલાઓએ મહિલાને 'ધોકાવી'

## મવડી રોડ પ્રિયદર્શીની સોસાયટીમાં ઘર પાસે પ્રસંગનો માંડવો નાંખવા મામલે જામી પડીઃ એક મહિલાને ચાર મહિલા અને યુવાને મળી બેફામ ફટકાર્યાઃ અન્ય એક ઘટનામાં જુના મનદુઃખમાં એક જ પરિવારના ૪ને છરી ઝીંકાઇ

રાજકોટઃ મારામારીના બનાવો અલગ અલગ કારણોસર શહેરમાં ઠેકઠેકાણે બનતાં રહે છે. મહિલાઓ પણ મારામારીમાં કે ધમકીઓ આપવામાં પાછળ રહેતી નથી. દરમિયાન મવડી વિસ્તાર ચાલીસ ફુટ રોડ ધરમનગર પાસે પ્રિયર્દશની સોસાયટીમાં રહેતાં મહિલાને પડોશી મહિલા, તેના પુત્ર, બીજા મહિલા અને તેની પુત્રવધુ સહિત પાંચ જણાએ મળી ઢીકાપાટુનો માર મારી તેમજ માથામાં કપડા ધોવાનો ધોકો ફટકારી દઇ ઇજા કરતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. ઘાયલ થયેલા મહિલાના કહેવા મુજબ તેમના ઘર પાસે પડોશી મહિલાએ આવી અમારી ઘરે પ્રસંગ છે અને તારા ઘર સામે માંડવો નાંખવાનો છે, તું દાદાગીરી કરતી નહિ તેમ કહી ઝઘડો ચાલુ કર્યા પછી બધાએ મળીને હુમલો કર્યો હતો. આ ઘટનાની વિગતો પર નજર કરીએ તોં તાલુકા પોલીસે મવડી ધરમનગર પાસે ૪૦ ફુટ રોડ પ્રિયદર્શન સોસાયટી-૫માં



રહેતાં આડત્રીસ વર્ષના સુનિતાબેન ધર્મેન્દ્રભાઇ હજારીની ફરિયાદ પરથી વર્ષાબેન કિશોરભાઇ કોરડીયા, મોહિત કિશોરભાઇ કોરડીયા, ત્રિવેણીબેન, પાયલબેન અને મિત્તલબેન વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

મારામારીમાં ઇજા પામનાર સુનિતાબેન હજારીએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને પ્રાઇવેટ નોકરી કરુ છું. મારા પતિ મજુરી કામ કરે છે. મારે દિકરો, દિકરી છે. અમારી બાજુમાં વર્ષાબેન કોરડીયા તેમજ ત્રિવેણીબેન અને તેની પુત્રવધુનું પાયલબેન રહે છે, તેની સાથે અમારે અગાઉ બોલાચાલી થઇ હતી. ગુરૂવારે હું નોકરી પરથી ઘરે આવી ત્યારે મારા સાસુ રાધાબેન ભીખુભાઇ હજારી કે જે ૭૦ વર્ષના છે તે ઘરે હતાં અને દિકરી સકૂલે ગઇ હતી. મારા પતિ પણ નોકરીએ હતાં. હું ઘરમાં સાફસફાઇ કરતી કરતી બહારનો ઓટો ધોવા ગઇ ત્યારે પડોશી વર્ષાબેને કહેલુ કે-અમારા ઘરમાં પ્રસંગ છે જેથી મારે તમારા ઘરની સામે માંડવો નાખયો છે, તું દાદાગીરી કરતી નહિ તેમ કહી મારી સાથે બોલાચાલી કરી હતી. એ દરમિયાન વર્ષાબેને બીજા પડોશી ત્રિવેણીબેન અને તેના વહુ પાયલબેને બોલાવતાં તે પણ આવી ગયા હતાં.

તેમજ મિત્તલબેન પણ આવી જતાં આ બધાએ મારી સાથે તરકાર કરી ધક્કામુકી અને મારામારી ચાલુ કરી હતી. જેથી મેં બંનેને ધક્કો દઇ દુર કરી દીધા હતાં. એ દરમિયાન વર્ષાબેનનો દિકરો મોહિત આવી ગયો હતો અને તેણે નજીકમાં પડેલો કપડા ધોવાનો ધોકો ઉઠાવી મારા માથામાં ઘા મારી દીધો હતો. વર્ષબેને જમણો હાથ પકડી ખેંચીને મરડી નાખ્યો હતો. હું ત્યાંથી છટકીને મારા ઘરમાં જતી રહી હતી. મારા સાસુએ ડેલી બંધ કરી દીધી હતી. આ પછી ડેલીએ ઉભા રહી વર્ષાબેન, મોહિતે હવે પછી કંઇ કરશો તો પતાવી દઇશું કહી ધમકી આપી હતી અને જતાં રહ્યા હતાં. બાદમાં મેં પોલીસને ફોન કરતાં ગાડી આવી હતી અને મને સારવાર માટે ખસેડી હતી. તેમ વધુમાં સુનિતાબેને જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ. પી. ચૌહાણે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મારામારીની બીજી એક ઘટનામાં લોધીકાના પારડીમાં શિતળા મંદિર પાછળ કિશાન સિમેન્ટ રોડ પર જીઇબી સામે મફતીયાપરામાં રહેતાં ચોત્રીસ વર્ષના વનરાજભાઇ ડાયાભાઇ રાઠોડને તેના ઘર નજીક હતાં ત્યારે શિતળા મંદિર કિશાન ગેઇટ અંદર રહેતાં લલીત મુળજીભાઇ પરમારે ઝઘડો કરી ગાળો દઇ તેમજ વનરાજભાઇના પત્નિ વંદનાબેનને હથેળી અને કાંડામાં છરીથી ઇજા કરતાં અને વનરાજભાઇના ભાઇ મહેન્દ્રભાઇ તેમજ ભાણેજ ચિરાગ વચ્ચે પડતાં તેને પણ હાથના કાંડા પર છરીથી છરકા કરી ઇજા પહોંચાડતાં સારવાર લેવી પડી હતી. બનાવની જાણ થતાં શાપર પોલીસ મથકના એએસઆઇ બી. સી. સોલંકીએ વનરાજભાઇની ફરિયાદ પરથી લલીત પરમાર વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ બંને પરિવાર વચ્ચે બે વર્ષ પહેલા બોલાચાલી માથાકુટ થઇ હોઇ તેનો ખાર રાખી હુમલો કરવામાં આવ્યાનું તપાસમાં ખુલતાં પોલીસે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

# અડાલજમાં હીરામણી આરોગ્યધામની સરાહનીય સવલતો








**અધ્યતન સુવિધાઓ અને હાઈ એન્ડ સાધનો સાથેનો ફીઝીયોથેરાપી વિભાગ દર્દીઓ માટે આશીર્વાદરૂપ**

રાજકોટ મિરર, તા.૨૧

અડાલજમાં અન્નપૂર્ણા મંદિરની પાછળ, સ્વામીનારાયણ ફાર્મ નજીક આવેલા હીરામણી આરોગ્યધામ ''સર્વોત્તમ સ્વાસ્થ્ય, ધ્યેય''અમારું તેવા શુભાશય સાથે ધમધમી રહ્યું છે.

અહી ઉપલબ્ધ અદ્યતન આરોગ્યલક્ષી સેવાઓથી દર્દી આલમમાં ભારે રાહત ફેલાતી જોવા મળે છે.

અહી ઉપસ્થિત સેવાઓ પર નજર કરીએ તો લકવાગ્રસ્ત દર્દીઓને ચાલવામાં બેલેન્સ લાવવામાં મદદરૂપ બનવામાં ખાસ મોટોરાઈઝડ ગેઇટ ટ્રેનર, પેશાબ લીક થવાની બીમારી માટે, અનિયમિત માસિક, પ્રોટેસ્ટના ઓપરેશન પછી, પ્રેગ્નન્સી પછી તેમજ લાંબા સમયથી કબજીયાત માટે ઉપયોગી એવી કી ગલ ચેરની સુવીધા તેમજ મણકા તેમજ ગાદીના દુઃખાવા અને નર્વ કોમ્પ્રેસન માટે સ્પાઈનલ ડિકોમ્પ્રેસન થેરાપીની અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે.

શ્રેષ્ઠત્તમ ડાયાલીસીસ મશીનો અને અત્યાધુનિક વોટર પ્લાન્ટ વાલા ડાયાલીસીસ સેન્ટરની ઉપલબ્ધી દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાવાઈ રહી છે.

રૂટીન સેવાઓ અને સવલતોમાં પેશન્ટ પ્રાઈવસી માટે પડદા. આરામદાયક બેઠક વ્યવસ્થા, અને પેશન્ટ દીઠ અલગ અલગ ટીવી અને વાયરલેસ હેડ સેટની સુવિધા પણ ઉપલબ્ધ છે.

હોસ્પિટલનો માયાળુ સ્ટાફ દ્વારા દર્દીને ફ્રેન્ડલી સપોર્ટ કરી રહ્યા છે. અહી અનુભવી અને નિષ્ણાંત નેફ્રોલોજીસ્ટ ડોક્ટરની સેવા દર્દીઓને મળી રહી છે. ખાસ તો દર્દીઓને ત્યારે રાહત થાય છે કે આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત દર્દીનું ફ્રી ડાયાલીસીસ કરવામાં આવે છે.

હીરામણી આરોગ્યધામની વિશેષ આરોગ્યલક્ષી સેવાઓ તેમજ માહિતી માટે સવારના ૯-૩૦થી સાંજના ૭-૩૦ વાગ્યા દરમિયાન મો. ૭૫૬ ૭૫૬ ૨૦૦૬ ઉપર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

અત્રે એ નોંધનીય છે કે, ગાંધીનગરના અડાલજ ખાતે રૂ. ૫૦ કરોડના ખર્ચે નિર્માણ થવા પામેલ હીરામણી આરોગ્યધામનું કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું.

લોકો માટે આરોગ્યની દ્રષ્ટિએ ખૂબ સારી અને આવકારદાયક બાબત કરી શકાય તેવી અતિ આધુનિક સુવિધાઓથી સજ્જ જન સહાયક ટ્રસ્ટ દ્વારા રૂ. ૫૦ કરોડના ખર્ચે અડાલજ ગાંધીનગર ખાતે હીરામણી આરોગ્યધામ નિર્માણ કરવામાં આવ્યું છે. હીરામણી આરોગ્યધામનું નિર્માણ પ્રસંગે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યુ હતુ કે, હીરામણી આરોગ્યધામનું નિર્માણ અભિનંદનીય કાર્ય થયું છે. નરહરી અમીને રાજનીતિના ઉતાર ચઢાવ જોયા, નરહરી અમીન રાજનીતિમાં હંમેશા સ્થિર રહ્યા. હીરામણી આરોગ્ય ધામમાં તમામ સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. અહીં તમામ પ્રકારની ટ્રીટમેન્ટ થઈ શકે છે. ભાજપ સરકારે નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે.

## બાઘી નજીક દારૂનું કટિંગ થાય તે પહેલા જ પડધરી પોલીસ ત્રાટકી : રૂા. ૬૬૬૫૨ના દારૂ સાથે ૪ ઝડપાયા

### ખાનગી બસ, બે કાર, ૩૨૪ બોટલ દારૂ, રોકડ મળી રૂા. ૧૩,૮૧,૧૫૨નો મુદ્દામાલ કબજે

રાજકોટ મિરર, તા.૨૧

પડધરીના બાઘી ગામ નજીક ખાનગી બસમાં લવાયેલો વિલાયતી દારૂ અન્ય વાહનોમાં કટીંગ થાય તે પહેલા જ પડધરી પોલીસે ત્રાટકીને દારૂ બે કાર અને એક ખાનગી બસ સહિત ₹૧૩,૮૧,૧૫૨ નો મુદ્દામાલ કબજે લઈ ચાર શખ્સોને ધરપકડ કરીને બસના ડ્રાઇવરની શોધખોળ આદરી છે.

જિલ્લા પોલીસવાળા હિમકરસિંહની સુચના પરથી ગોંડલના નાયબ પોલીસ અધિક્ષક કે.જી ઝાલાના માર્ગદર્શન હેઠળ પડધરી પોલીસના પી.આઈ એસ.એન. પરમાર સહિત સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે એક ખાનગી બસમાં મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો લાવવામાં આવે છે. અને આ દારૂ અન્ય વાહનોમાં ભરીને કટીંગ થવાનો છે. આવી બાતમી પરથી પડધરી પોલીસ સ્ટેશનના પી.આઈ પરમાર, એએસઆઈ ભગીરથસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વસંતભાઈ ભુંડિયા, અશોકભાઈ ડાંગર અને સુમિતભાઈ પનાળીયા સહિતના સ્ટાફે દરોડો પાડી ખાનગી બસની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૩૨૪ બોટલો મળી આવી હતી. પોલીસે રૂપિયા ૬૬,૬૦૦૫૨ નો દારૂ, એક ખાનગી બસ બે કાર મળી રૂપિયા ૧૩,૮૧,૧૫૨ નો મુદામાલ સાથે રાજસ્થાનના શ્રવણ ભગા રબારી, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકર નગર શેરી નંબર-૩, માં રહેતા પ્રકાશ સુરેશ રાઠોડ, તે જ વિસ્તારમાં શેરી નંબર ૧૧ માં રહેતા હિતેશ કિશોર પરમાર તેમજ શેરી નંબર-૩ માં રહેતા રોહિત કેશવ રાઠોડની ધરપકડ કરી હતી. જ્યારે ખાનગી બસનો ડ્રાઈવર કેલુ રામ ગુર્જર દરોડા સમય નાસી ગયો હોય તેમની શોધખોળ આદરી છે.

## ઝાડા-ઉલ્ટીએ પંદર વર્ષની બાળાનો ભોગ લીધો

### નાના મવા રોડ સ્પીડવેલ હાઇટ્સનો બનાવ

રાજકોટઃ નાના મવા સર્કલ પાસે સ્પીડવેલ હાઇટ્સ નામની બિલ્ડીંગમાં રહેતાં ધર્મેશભાઇ રામોલીયાની પંદર વર્ષની દિકરી પલ બેભાન થઇ જતાં ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇએ જાણ કરતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. પલને ઝાડા-ઉલ્ટીની સારવાર માટે કેર હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ત્યાંથી સિવિલમાં ખસેડાયા બાદ મૃત્યુ થયું હતું. બનાવથી રામોલીયા પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

# ગોંડલમાંથી બાઈકચોર ઝડપાયો

## બી ડીવીઝન પોલીસે બસસ્ટેન્ડમાંથી અને માર્કેટ યાર્ડમાંથી ચોરાયેલ બંને બાઈક ચોરીનો ભેદ ઉકેલ્યો



રાજકોટ મિરર, ગોંડલ તા.૨૧

ગોંડલમાં બસસ્ટેન્ડ અને માર્કેટ યાર્ડમાંથી ચોરાયેલા બે બાઈક સાથે બી ડીવીઝન પોલીસે વાહનચોરને ઝડપી લઈને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ - પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, જીલ્લા પોલીસ વડા હિમિકરસિંહએ

મીલ્કત સંબધી ગુનાઓના ભેદ ઉકેલવા સુચના આપી હતી. જે અનુસંધાને કે.જી.ઝાલા, નાયબ પોલીસ અધિક્ષક, ગોંડલ વિભાગના જરૂરી માગેદશન અન્વયે ગોંડલ બી ડીવીઝન પોલીસમાં નોંધાયેલા

ગોંડલ બસ સ્ટેન્ડ તથા માકટીગ યાડે ખાતેથી બે મોટર સાઇકલ ચોરીના ગુના ઉકેલાયા ન હોવાથી આ ગુન્હાના આરોપીઓ સુધી પહોચવા બી ડીવીઝન પોલીસ કાફલો શોધખોળમાં હતો.

દરમિયાન પીઆઈ જે.પી.ગોસાઇ, સવેલન્સ સ્ટાફના પો.સબ.ઇન્સ વી.એન.જાડેજા સહિતના સ્ટાફે બનાવવાળી જગ્યા પહોચી, સીસી કેમેરાના ફૂટેજ તપાસી ટેકનીકલ સોર્સની મદદથી વાહન ચોરને પકડવા કવાયત કરતા હતા.

ત્યારે સવેલન્સ સ્ટાફના હેડ કોન્સ. મદનસિંહ ચૌહાણ, શકિતસિંહ જાડેજા, પો.કોન્સ. સુરપાલસિંહ

જાડેજાએ મળેલી બાતમીના આધારે બંને બાઈક ચોરીમાં સંડોવાયેલ, મૂળ ટંકારાના મીતાણા ગામના અને હાલ ગોંડલમાં બસસ્ટેન્ડ નજીક રહેતા લાલા ખીમા સાંગાણી ( ઉ.વ. ૩૮)ને બંને ચોરાઉ બાઈક સાથે પકડી પાડી, આગવી ઢબે પુછપરછ કરતા લાલાએ બંને બાઈક અનુક્રમે માર્કેટ યાર્ડમાંથી અને બસસ્ટેન્ડમાંથી ચોર્યાની કબૂલાત આપી હતી.

બે બાઈક ચોરીના ભેદ ઉકેલવામાં પીઆઈ જે.પી.ગોસાઇ, પીએસઆઈ વી.એન.જાડેજા, રમેશભાઇ, હેડ કોન્સ મદનસિંહ,શકિતસિહ, મહેશભાઇ કોબીયા, કોન્સ સુરપાલસિંહ, ઓમદેવસિંહ વિગેરે રોકાયા હતા.

(ફોટો : કુલદીપસિંહ જાડેજા)

### રંગીલા અને શાંત રાજકોટમાં કોણ ક્યારે પિત્તો ગુમાવે તે નક્કી નહિઃ શાંત રહો, સલામત રહો!

# વાહન અથડાવા જેવી વાતે કાયદો વ્યવસ્થાના લીરા ઉડ્યાઃ મસમોટો છરો ઉગામાયો, રિક્ષાનો કાચ ફોડાયો





રાજકોટઃ રંગીલા રાજકોટની પ્રજા આમ તો ખુબ શાંત છે. પરંતુ અમુક આમાં એવા પણ હોય છે જે નહિ જેવી વાતે એક બીજા પર તૂટી પડતાં હોય છે. વાહન અકસ્માત બાદ મારામારીની વધુ એક ઘટના બની હતી. જેનો વિડીયો વાયરલ થતાં કાયદો વ્યવસ્થાનું અસ્તિત્વ જ ન હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતાં. શહેરમાં વાહન અકસ્માત કે વાહન અડી જવા જેવી વાતે લોકો મગજનો પારો ગુમાવી દેતાં હોય છે અને એક બીજા પર હુમલો કરતાં હોય છે. અનેક વખત આવી ઘટનાઓમાં વાત વણસી જતાં મોટી માથાકુટ પણ થઇ જતી હોય છે. આવો જ એક બનાવ જુના મોરબી રોડ પર બન્યો હતો. આ બનાવનો વિડીયો વાયરલ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. વિડીયોમાં કેટલાક શખ્સો પોલીસનું અસ્તિત્વ જ ન હોય એ રીતે ધમાલ મચાવતા દેખાયા છે. ખુલ્લેઆમ મસમોટો છરો કાઢી હુમલાનો પ્રયાસ થઇ રહ્યો હોય તેવા દ્રશ્યો દેખાય છે. ચોંકાવનારી વાત એ છે કે આ ડખ્ખા બાદ થોડી જ વાર પછી ત્યાંથી પોલીસની ગાડી નીકળતી દેખાય છે!

વિગતો પર નજર કરીએ તો રિક્ષા અને મોટરસાઇકલ વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયા બાદ બબાલ સર્જાઇ ગઇ હતી. કેટલાક શખ્સોએ એક યુવાનને ઘેરી લઇ હુમલો કર્યો હતો. બેફામ મા-બહેનસમી ગાળો ભાંડી હતી અને રિક્ષાનો આગળનો કાચ મોટો પાણકો મારીને ફોડી નાંખ્યો હતો. આ ઉપરાંત કાયદો વ્યવસ્થાના લીરા ઉડાડી એક શખ્સ મોટો છરો કાઢીને હુમલાનો પ્રયાસ કર્યો હતો. આવા દ્રશ્યો સોશિયલ મિડીયામાં વાયરલ થતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. વિડીયોમાં મારો મારોના અવાજ એક શખ્સ કરતો સંભળાય, દેખાય છે તો બીજો શખ્સ મોટો છરી કાઢીને હુમલો કરતો જોવા મળે છે. આ ઉપરાંત મસમોટો પાણકો ઉપાડીને એક શખ્સ રિક્ષાનો કાચ ફોડી નાંખતો જોવા મળે છે. આ માથાકુટના વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થતાં પોલીસ તપાસ માટે દોડી હતી.

### સવારે બૅરેકના બીજા સગીરો જાગ્યા ત્યારે બારીમાં લટકતી લાશ જોતાં હેબતાઇ ગયા

# બાળ-સુધારગૃહમાં સગીરે નમાઝની ચાદરથી ખાધો ફાંસો

### ભાવનગરના ઘર સળગાવવાના ગુનામાં કાર્યવાહી બાદ વીસ દિવસથી રાજકોટ બાળ સંરક્ષણમાં રખાયો હતોઃ જામીન ન મળતાં પગલુ ભર્યાની શક્યતા

રાજકોટઃ આત્મહત્યાની વધુ એક ઘટના બની છે જેમાં શહેરના ગોંડલ રોડ પર આવેલા બાળ સંરક્ષણ ગૃહ-બાળ સુધાર ગૃહમાં ભાવનગરના સગીરે નમાઝ પઢવાની ચાદર બારીમાં બાંધી ગળાફાંસો ખાઇ જિંદગી ટુંકાવી લીધી હતી.

ઘર સળગાવવાના ગુનામાં ભાવનગર પોલીસે આ સગીર સામે કાર્યવાહી કર્યા બાદ વીસ દિવસ પહેલા રાજકોટ બાળ સુધાર ગૃહમાં તેને મોકલ્યો હતો. અહિ તેણે આત્મહત્યા કરી લીધી હતી. સંભવતઃ જામીન થતાં ન હોઇ આ કારણે પગલુ ભર્યાની પ્રાથમિક વિગતો સામે આવી હતી. બનાવને પગલે અરેરાટી વ્યાપી ગઇ હતી. બીજા બનાવમાં એક પરિણીતાને પતિએ દરજી કામના ધંધાને બદલે દિવ્યાંગ દિકરીનું ધ્યાન રાખવાનું કહી ઠપકો આપતાં તેણીએ ગળાફાંસો ખાઇ મોતનો રસ્તો અપનાવી લીધો હતો.



બીજી ઘટનામાં પતિએ દરજી કામને બદલે દિવ્યાંગ દિકરીની દેખરેખ રાખવાનું કહેતાં પત્નિને માઠુ લાગ્યું અને ફાંસો ખાઇ મોત મેળવ્યું

ઘટનાની વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ પર બાળ સરક્ષણ ગૃહમાં સત્તર વર્ષના પરવેઝ અહેસાનઅલી નુરાનીએ બેરેકની બારીમાં નમાઝ પઢવાની ચાદર બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ થતાં એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટની રાહબરીમાં પીએસઆઇ બી. આર. સાવલીયા, કુલદીપભાઇ સહિતના પહોંચ્યા હતાં.

ડી. સ્ટાફના એમ. વી. લુવા સાહિતનો સ્ટાફ પણ પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતાં ડે. કલેક્ટર ડો. ચાંદની પરમારે પણ ત્યાં પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસની ટીમે તેમની હાજરીમાં પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ પરવેઝ ભાવનગર વડવા તલવાડી હાજીનાઝી ફ્લેટ ભીલવાડા ખાંચામાં અલ્કા સિનેમા પાછળ રહેતો હતો.

વધુ વિગતો અનુસાર પરવેઝ અલી બે ભાઇમાં નાનો હતો અને તેના પિતા રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ પરવેઝ વિરૂધ્ધ ભાવનગરમાં ઘર સળગાવવાનો ગુનો દાખલ થયો હતો. ત્યારબાદ તા. ૧-૧-૨૫ના રોજ ભાવનગર પોલીસે તેને રાજકોટના બાળ સુધાર ગૃહમાં મોકલ્યો હતો. અહિ સવારે સાડા છએક વાગ્યે પરવેઝ જે બેરેકમાં હતો તેમાં બીજા સગીરો હોઇ તે જાગતાં પરવેઝને નમાઝ પઢવાની ચાદરમાં બારી સાથે લટકતો જોતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. સગીરોએ સુપ્રિન્ટેન્ડન્ટને જાણ કર્યા બાદ ૧૦૮ને અને પોલીસને જાણ કરાઇ હતી. ૧૦૮ના તબિબ કુલદીપભાઇએ તેને મૃત જાહેર કરતાં એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી. પરવેઝના વાલીને પણ ઘટનાની જાણ થતાં તેઓ રાજકોટ દોડી આવ્યા હતાં. પરવેઝ જે ગુનામાં સામેલ હતો તેમાં જામીન ન થતાં હોવાથી કદાચ તેણે આ પગલુ ભરી લીધાની શક્યતા છે. આપઘાતની બીજી એક ઘટનામાં રાજકોટ ભાવનગર હાઇવે પર મહિકાના પાટીયા પાસે શક્તિ મારબલ નજીક રહેતી સત્યાવીસ વર્ષની સીયાબેન અખિલેશ સોનકર નામની પરિણીતાએ સવારે ઘરે રૂમમાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. સીયાબેને આ પગલુ ભરતાં બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યો હતો. આપઘાત કરનાર શીયાબેનના લગ્ન નવ વર્ષ પહેલા થયા હતાં. તેનો પતિ મારબલના કારખાનામાં મજૂરી કરે છે. સીયાબેન પોતે માંડા ડુંગર પાસે દરજી કામ કરતી હતી. તેણીને બે દિકરી છે જેમાં એક છ વર્ષની દિકરી માનસિક દિવ્યાંગ છે. પતિએ તેણીને સિલાઇ કામના ધંધાને બદલે દિવ્યાંગ દિકરીનું ધ્યાન રાખવાનું કહી ઠપકો આપતાં તેણીને માઠુ લાગી જતાં ગળાફાંસો ખાઇ લીધો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. બનાવથી બે દિકરી મા વિહોણી થઇ જતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

## રેલનગરમાં નવા બિલ્ડીંગમાં ૧૪મા માળે પાણી છાંટતી વખતે પટકાતાં મજૂરનો જીવ ગયો

### ચાલીસ વર્ષના મુળ ઓરીસ્સાના યુવાનના મૃત્યુથી અરેરાટી

રાજકોટઃ જિંદગીની સફરનો ગમે ત્યારે અંત આવી જતો હોય છે. રેલનગરમાં નવા બની રહેલા એપાર્ટમેન્ટમાં મજુરી કરતો અને ત્યાં જ રહેતો મુળ ઓરિસ્સાનો મજૂર ચૌદમા માળેથી અકસ્માતે પડી જતાં કમકમાટીભર્યુ મોત થયું હતું. જાણવા મળ્યા મુજબ મુળ ઓરિસ્સાનો વતની હાલ રેલનગર સમર્પણ હાઇટ્સ નામની સાઇટ ખાતે રહી મજુરી કરતો ચાલીસ વર્ષનો જુક્તાભાઇ નકુલભાઇ બાગ નામનો યુવાન સવારે બિલ્ડીંગના ચૌદમા માળે સામાન હેરફેર માટેની



લિફ્ટમાં ઉભો રહી પાણી છાંટતી હતો ત્યારે પડી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું.

વિગતો અનુસાર આ મજુર ચૌદમા માળે પ્લાસ્ટર કરવાનું હોઇ નળીથી પાણી છાંટતો હતો ત્યારે આ જીવલેણ દુર્ઘટના બની હતી. બનાવની જાણ ૧૦૮ના ઇએમટી મારફત થતાં પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનના પીએસઆઇ બી. વી. બોરીસાગર સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતક ચાર ભાઇ અને બે બહેનમાં ત્રીજા હતાં. ત્રણ વર્ષથી અહિ રહી મજુરી કરતાં હતાં. સંતાનમાં એક પુત્રી છે.આ બનાવને પગલે મજૂર પરિવારના લોકોમાં કલ્પાંત સર્જાયો હતો.

## રાજકોટના ૬ સહીત ૧૫૯ PSIની PI તરીકે બઢતી

### નિશાંત વિષ્ણુદાસ હરિયાણી(રાજકોટ શહેર) તેમજ રાજકોટ ગ્રામ્યના ઋતુરાજસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા, કેતન વિરજીભાઈ પરમાર, વિજયકુમાર છોટાલાલ પરમાર, કિશોરકુમાર સથવારા અને વિપુલસિંહ માનસિહ ડોડીયાનો પ્રમોશનમાં સમાવેશ

રાજકોટ મિરર, તા.૨૧

રાજ્યના ડીજીપી વિકાસ સહાય દ્વારા રાજ્યના ૧૫૯ પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી અપાઈ છે. જેમાં રાજકોટના ૬ નો સમાવેશ થાય છે. જેમાં નિશાંત વિષ્ણુદાસ હરિયાણી(રાજકોટ શહેર) તેમજ રાજકોટ ગ્રામ્યના સ્તુરાજિસંહ અનિરુદ્ધસિંહ જાડેજા, કેતન વિરજીભાઈ પરમાર, વિજયકુમાર છોટાલાલ પરમાર, કિશોરકુમાર સથવારા અને વિપુલસિંહ માનસિહ ડોડીયાનો પ્રમોશનમાં સમાવેશ થાય છે.

અત્રે એ નોંધનીય છે કે, ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા ૧૫૯ પીએસઆઈની બઢતી સાથે પીઆઈના પ્રમોશન આપવામાં આવ્યા છે.હજી આ તમામ ૧૫૯ લોકોને પ્રમોશન આપવામાં આવ્યા છે પરંતુ તેમની બદલી કરવામાં આવી નથી, રાજ્યના ડીજીપી વિકાસ સહાયે આ અંગે આદેશ કર્યો છે,અગાઉ પણ ૨૩૪ પીએસઆઈને પીઆઈ તરીકેનું પ્રમોશન આપવામાં આવ્યું હતુ.

ગુજરાત સરકારે પોલીસ વિભાગમાં ૧૪,૨૮૩ પદો માટે મોટી ભરતી જાહેર કરી છે. જો તમે ગુજરાત પોલીસમાં નોકરી મેળવવા ઈચ્છતા હો, તો આ એક ઉત્તમ તક છે. ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫ થી આ ભરતી પ્રક્રિયા શરૂ થશે અને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂરી થશે.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ સુઓ મોટો પીઆઈએલના સંદર્ભમાં રાજ્ય સરકારે પોલીસ ભરતી માટે ઈ-કેલેન્ડર બહાર પાડ્યું છે.

સાંજે ૬થી રાત્રે ૧૨ દરમિયાન શરીર સંબંધી ગુનાઓ વધુ બન્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે આ બાબતને ગંભીરતાથી લઈ ખાસ એક્શન પ્લાનના ભાગરૂપે 'જંઅજ્ઝછ્અ' (જ્વફશિ જ્ઞ્ળબફક્ષમવશ ઝફિત છજ્ઞસદ્દ અબવશુફક્ષ) પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે, જે આ ગુનાઓને નિયંત્રણમાં રાખવા મહત્વપૂર્ણ સાબિત થશે. રાજ્યમાં બનતા વિવિધ ગુનાઓ તથા ગુનેગારોની મોડસ ઓપરેન્ડી અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એનાલિસીસ કરી તેના પર અંકુશ લાવવા ગુજરાત પોલીસ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે, ત્યારે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં બનેલા શરીર સંબંધી ગુનાઓ અંગે ગુજરાત પોલીસ દ્વારા ડિટેઈલ એનાલીસીસ કરવામાં આવ્યુ તેમાં ધ્યાને આવ્યુ છે કે, સમગ્ર ગુજરાતમાં બનેલા કુલ શરીર સંબંધી ગુનાઓ પૈકી અંદાજે ૨૫ ટકા ગુનાઓ ૪ મહાનગરોમાં બન્યા છે. એટલુ જ નહીં, આ ગુનાઓ પૈકી ૪૫ ટકા ગુનાઓ સાંજે ૬થી રાત્રે ૧૨ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન બન્યા છે.

### એક જ દિવસમાં બે લાંચિયા કર્મચારીને ACBએ રંગે હાથે દબોચ્યા

# પાટણની વાસ્મો કચેરીનો એન્જીનીયર પૂરું બીલ ચૂકવવા રૂા.૧લાખ લેતા ઝડપાયો

### ગાંધીધામની પંજાબ નેશનલ બેંકમાં આધારકાર્ડ સેન્ટરનો ઓપરેટર માત્ર એકસો રૂપરડીની લાંચ લેતા ઝલાઈ ગયો : ગાંધીધામ-પાટણના ACB પીઆઈને સાથે રાખી ACB ભુજ એકમના મદદનીશ નિયામક કે.એચ.ગોહીલનો સપાટો

રાજકોટ મિરર, તા.૨૧

સુપર વિઝન અધિકારી :-, એ.સી.બી. બોર્ડર એકમ ભુજના મદદનીશ નિયામક કે. એચ. ગોહીલએ સુપરવિઝન અધિકારી તરીકે ફરજ બજાવીને આજે પાટણ અને ગાંધીધામ એમ બંને શહેરોમાં બે લાંચના સફળ છટકા ગોઠવીને બે લાંચિયા કર્મચારીઓને દબોચી લેતા લાંચ લેવા ટેવાયેલા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

''કોઈ લાંચ માંગતુ હોય તો અમારો સંપર્ક કરો, અમો ખાઉધરા કર્મચારીઓને ઝડપી લઈને કસુરવારો સામે શિક્ષાત્મક પગલાં ભરીશું'' તેવું સૌરાષ્ટ્રની પ્રજાને આહ્વાન કરી ચુકેલા એસીબીના સનિષ્ઠ ઓફિસર, મદદનીશ નિયામક કે.એચ. ગોહિલે આજે જુદા જુદા સ્થળોએથી બે લાંચિયા કર્મચારીઓને લાંચ લેતા રંગે હાથે ઝડપી લીધા હતા. આ વાતથી કરપ્શન કરવા ટેવાયેલા કર્મચારીઓમાં દોડધામ સાથે ફફડાટ ફેલાયો છે.

લાંચના બંને સફળ છટકામાં આબાદ ઝડપાઈ ગયેલા બંને કર્મચારીઓની મળતી વિગતો મુજબ વાસ્મો કચેરી (પાણી પુરવઠા બોર્ડનું ઉપક્રમ-વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન) પાટણના આસિસ્ટન્ટ ટેક્નિકલ એન્જીનીયર રવિ શાંતીલાલ દરજીએ ફરિયાદી પાસેથી નલ સે જળ યોજના હેઠળ (જલજીવન જીવન મિશન કાર્યક્રમ તળે) વર્ષ ૨૦૨૨-૨૩ માં સમી તાલુકાના સમી ખાતે પાણીની પાઈપ લાઈન નાખવાનું કામ કર્યુ હોય અને તે કામના છેલ્લા હપ્તાના ( ડિપોઝિટ) પેટેનું બીલ રૂ.૩૮,૪૪,૫૯૮-/ જેટલું લેવાનું પેન્ડિંગ હતું. આ બીલના નાણાં કપાત કર્યા વગર ફરિયાદીના ખાતામાં ચેક જમા કરવાના અવેજ પેટે રવિ દરજીએ રૂ.૧.૦૦,૦૦૦ની લાંચ માંગી હતી. પણ ફરિયાદી યુવાને આટલા પૈસા આપવા સક્ષમ ન હોવાથી પાટણ એસીબીનો સંપર્ક કર્યો હતો. દરમિયાન એસીબી એકમ, બોર્ડર ભુજના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન હેઠળ પાટણ એસીબીના પીઆઈ એમ.જે.ચૌધરીએ ટ્રેપિંગ અધિકારીની ભૂમિકા વચ્ચે જલભવન કચેરીના કંપાઉન્ડ પાટણ ખાતે લાંચનું છટકું ગોઠવ્યું હતું. ત્યારે ફરિયાદીએ રવિ શાંતિલાલ દરજીને મળી હેતુલક્ષી વાતચીત કરી રૂ ૧,૦૦,૦૦૦ રોકડ લાંચ આપતા રવિને રંગે હાથે લાંચ સ્વીકારતા ઝડપી લેવાયો હોતો. જ્યારે બીજા ગુન્હામાં ગાંધીધામમાં આવેલી પંજાબ નેશનલ બેંકના આધાર કાર્ડ સેનારમાં નોકરી કરતો ઓપરેટર યુવરાજસિંહ બટુકસિંહ વાઘેલા આધારકાર્ડ અપડેટ કરવાની કાર્યવાહીમાં રૂ. ૧૦૦થી ૧૦૦૦ વસૂલતો હોવાની ફરિયાદ બાદ કચ્છ(પૂર્વ), એ.સી.બી., પો.સ્ટે. ગાંધીધામના ઈન્ચાર્જ પીઆઈ એલ.એસ.ચૌધરીએ ટ્રેપિંગ અધિકારી તરીકે ફરજ બજાવી ભુજ એસીબીના મદદનીશ નિયામક કે.એચ. ગોહિલ સુપરવિઝન હેઠળ લાંચનું છટકું ગોઠવ્યું હતું.

ત્યારે પંજાબ નેશનલ બેંક ગાંધીધામના કમ્પાઉન્ડમાં ફરિયાદીએ પહોંચીને તેમના આધારકાર્ડમાં મોબાઈલ નંબર અપડેટ કરવાનું કહેતા ઓપરેટર યુવરાજસિંહ બટુકસિંહ વાઘેલાએ રૂ. ૧૦૦ માંગતા અને સ્વીકારતા રંગે હાથે ઝડપાઈ ગયો હતો. આમ એક જ દિવસમાં બબ્બે લાંચિયા કર્મચારીઓને લાંચ લેતા ઝડપી લેતા પાટણ અને ગાંધીધામ વિસ્તારમાં લાંચિયા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## છેતરપીંડી-ચોરીના ગુન્હામાં બાર વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

### પેરોલ ફર્લો સ્કોડે રાજસ્થાન ખાતેથી ઝડપી લીધો

રાજકોટ મિરર, તા.૨૧

રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક શ્રી હિમકર સિંહ, તરફથી રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડો પાડવા સુચના આપી હતી.

આ અનુસંધાને એલ.સી.બી શાખાના પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ આર.બી.બલદાણિયા સ્ટાફ સાથે નાસતા-ફરતા આરોપીઓની શોધખોળ કરતા હતા. ત્યારે શાખાના



કોન્સ્ટેબલ અબ્બાસભાઇ ભારમલને બાતમી મળી હતી કે, પડધરી પોલીસ સ્ટેશન છેતરપીંડી અને ચોરીના ગુન્હામાં નાસતો ફરતો આરોપી કાલુલાલ ભવરલાલ આચાર્ય( ઉ.વ.૫૬- (રહે. હિતા તા.વલ્લભનગર જી.ઉદેપુર (રાજસ્થાન)વાળો તેના ગામમાં આવ્યો છે. આવી બાતમીના આધારે તેના વતન ખાતે જઇ આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી વચ્ચે આગળની કાર્યવાહી માટે પડધરી પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો. કાલુને દબોચવામાં પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ આર.બી.બલદાણીયા, હેડ.કોન્સ. હિતેષભાઇ હમીરપરા, કોન્સ મહેન્દ્રસિહ સોલંકી, અબ્બાભાઇ ભારમલ, દિલીપસિંહ ચંદુભા વિગેરે રોકાયા હતા.

## નર્મદા પંથકના ગુન્હામાં ૧ વર્ષથી નાસતો ફરતો આરોપી જેતપુરમાંથી ઝડપાયો

### સ્થાનિક સીટી સર્વેલન્સની ટીમે નદીમ જુમ્માભાઇ મલેકને દબોચ્યો

રાજકોટ મિરર, તા.૨૧

નર્મદા જીલ્લાના સાગબારા કોર્ટના છેલ્લા એકાદ વર્ષથી નાશતાફરતા આરોપીને જેતપુર સીટી વિસ્તારમાંથી સર્વેલન્સ ટીમ પકડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહ, ઇન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક સીમરન ભારદ્વાજએ પેરોલ ફરાર, ફર્લો ફરાર, ગુનાઓમાં તેમજ કોર્ટના પકડ વોરંટના નાસતા ફરતા આરોપેઓને પકડવાની સ્પેશીયલ



ડ્રાઇવ રાખી હતી. દરમ્યાન નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન બાબતી મળેલ કે, નર્મદા જીલ્લાના સાગબારા કોર્ટના કેશ નંબર ૮૪/૨૦૨૪ મુજબના ગુન્હાનો પકડ વોરંટનો આરોપી નદીમ જુમ્માભાઇ મલેક, ઉ.વ.૩૨, ધંધો.એન.ડી.કેટરસ, રહે.ધોરાજી,વિશ્વકર્મા સોસા. આદર્શ સ્કુલ પાછળ તા.ધોરાજી)વાળો આશરે એકાદવર્ષથી કોર્ટ મુદત હાજર રહેતો ન હોય, અને હાલ જેતપુર આવ્યો હોવાની બાતમી મળી હતી.

આવી હકીકતના આધારે નદીમ જુમ્માભાઇ મલેકને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નદીમને પકડી લેવામાં પીઆઇ એ.ડી.પરમાર, ભાવેશભાઇ ચાવડા, હેડ કોન્સ. ચંદ્રસિંહ વસૈયા, ધવલભાઇ ગાજીપરા, સાગરભાઇ મકવાણા, પો. કોન્સ. શક્તિસિંહ ઝાલા, અમીતભાઇ સિધ્ધપરા , સાગરભાઇ ઝાપડીયા ભરતભાઇ ગમારા વિગેરે રોકાયા હતા.

## કટારીયા ચોકડીથી મેટોડા GIDC સુધી કાયમી ટ્રાફિક સમસ્યા તાકીદે નિવારવા રજૂઆત

### GLIAના પ્રમુખ સહિતના હોદ્દેદારોની જીલ્લા કલેકટર, મ્યુનિ.કમિશ્નર અને જીલ્લા પોલીસ વડાને કરાઈ રૂબરૂ રજૂઆત




રાજકોટ મિરર, તા.૨૧

શહેરના કાલાવડ રોડ ઉપર આવેલી કટારીયા ચોકડીથી મેટોડા જીઆઈડીસી સુધી માથું ફાડી નાખે તેવી ટ્રાફિક સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા જીએલઆઈએના હોદ્દેદારોએ કલેકટર, મનપાના કમિશ્નર અને રાજકોટ જીલ્લા પોલીસ વડાને રૂબરૂ મળી રજુઆતો કરી હતી.

મળતી વિગતો મુજબ એસોસીએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ઉપ પ્રમુખ વિનેશ પટેલ, ડાયરેક્ટર વિક્રમસિંહ રાણા અને ચીફ મેનેજર એન.એચ. કંટેસરીયાએ તાજેતરમાં રૂબરૂ રજૂઆત કરી જણાવ્યું હતું કે કાલાવડ રોડ પર કણકોટ ગામના પાટિયા પાસે, અવધના ઢાળ પાસે અને જીઆઈડીસી મેટોડાને સમાંતર કાલાવડ રોડ પર ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ કરવું જરૂરી છે. આ રોડ પર સ્પીડબ્રેકરમાં સુધારો કરી સુસંગત ડિઝાઇન મુજબ બનાવાય તો અકસ્માતો ઘટાડી શકાય. કટારીયા ચોકડી પાસે નવા બ્રિજની કામગીરી શરુ થયે રાજકોટથી મેટોડા જીઆઈડીસી વચ્ચે અવર-જવર માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે કાલાવડ રોડની બંને બાજુએ સમાંતર આવેલ હયાત રોડ બનાવાય તો ટ્રાફિક સમસ્યા હળવી થઇ શકે તેમ છે. રાજકોટ શહેરથી જીઆઇડીસી મેટોડા સુધીના છ-માર્ગીય રોડને મોડેલ રોડ બનાવવા માટે અગાઉની રજુઆતને તાકીદે ધ્યાને લેવી જરૂરી છે. આમ, આટલા પ્રશ્નો તાકીદે નિવારવામાં આવે તો કટારીયા ચોકડી પર સર્જાતી ટ્રાફિક સમસ્યા મહદઅંશે હળવી કરી શકાય તેમ હોવાનું ઉપરોક્ત આગેવાનોએ જણાવ્યું હતું.

## જુનવાણી મકાનને તોડી પાડવા લતાવાસીઓની માંગ



ગોંડલ તા.૨૧ : ગોંડલ ની નાનીબજારમાં ધારશી પારેખની શેરીની સામે અતિ જર્જરિત થઇ ગયેલા અને બંધ હાલત માં રહેલા જુનવાણી મકાન કોઇ દુર્ઘટના સર્જે તે પહેલા તોડી પાડવા લતાવાસીઓ દ્વારા નગરપાલિકાનાં ચિફ ઓફિસર ને રજુઆત કરીછે.વારંવાર રજૂઆત છતા કોઇ પગલા લેવાતા નાં હોય ઉપવાસ આંદોલન ની ચીમકી ઉચ્ચારાઇ છે. પ્રાપ્ત વિગત મુજબ ટ્રાફિક થી સતત ધમધમતી નાનીબજાર માં ધાસશી પારેખની શેરી સામે અંદાજે ત્રીસ વર્ષ થી બંધ હાલત માં રહેલું જુનવાણી મકાન જર્જરીત હોય ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત છે.જો રાહદારીઓ કે સામે આવેલી દુકાનો પર આ મકાન નો મલબો પડેતો જાનહાની સાથે દુર્ઘટના સર્જાય તેવી સંભાવના હોવાનું તેજસભાઇ સંપટ,દિપકભાઈ ખેતિયા,પંકજભાઈ આશર,કાંતિભાઈ શેઠીયા સહિતના લત્તાવાસીઓ જણાવે છે. ઘટતું ન થાય તો આંદોલનની ચીમકી અપાઈ છે.

# વિધાનસભામાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ સુધારા બિલ પસાર

## રાજ્યમાં નાના ક્લિનીક થી લઇ મોટી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ , લેબોરેટરી અને ઇમેજીંગ સેન્ટર્સ સહિતની તમામ આરોગ્ય સંસ્થાઓની ડિજીટલી રજીસ્ટ્રી પોલીસી બનાવવા માટે નવું બિલ ઉપયોગી નિવડશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે દરેક ક્ષેત્રમાં અને દરેક મુદ્દે હાલ રાજ્ય અન્ય સરખામણીમાં ઓવલ આવે તે માટે હાલ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે અત્યારે ચાલતા બજેટ સત્રમાં હાલ ક્લિનિક ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ સુધારા બિલને રજુ કરવામાં આવ્યુ જેને સળવાનું મતે પસાર કરવામાં આવ્યું છે અને આ બિલથી ઘણો ખરો આરોગ્ય ક્ષેત્રે ફાયદો પણ થશે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે વિધાનસભા ગૃહમાં ''ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) સુધારા વિધેયક -૨૦૨૫'' રજુ કર્યું હતું.

આ સુધારા વિધેયકના મુખ્ય ઉદ્દેશ અને જોગવાઈઓ સંદર્ભે જણાવ્યું હતુ કે, રાજ્યમાં નાના ક્લિનીક થી લઇ મોટી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ , લેબોરેટરી અને ઇમેજીંગ સેન્ટર્સ સહિતની તમામ આરોગ્ય સંસ્થાઓ ,તેમજ આ સંસ્થાઓમાં કામ કરતા મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની વિગતો , તેમાં ઉપલ્બધ બેડ, ઈઈઞ, ઈમરજન્સી સેવાઓ વિગેરેની સચોટ માહિતી મળી રહે તે ઉદ્દેશથી રાજય સરકારે ''ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૨૦૨૧ સમગ્ર રાજયમાં અમલમાં મૂકવામાં આવ્યું. રાજ્યમાં કંઇ હોસ્પિટલ કયા પ્રકારની સેવા આપી રહી છે, હોસ્પિટલમાં કે ક્લિનિકમાં કયા કયા પ્રકારની સુવિધાઓ , સાધનો , કઇ સ્પેશ્યાલિટીના તબીબો છે તેનું ડેટા મેનેજમેન્ટ અને નિયમન કરીને ડિજીટલી રજીસ્ટ્રી પ્ર જા લ ક્ષ ી પ ો લિ સી બનાવવા અને આપત્તિ સમયે કારગત સાબિત થશે. આ એક્ટ હેઠળ માન્યતા પ્રાપ્ત ચિકિત્સા પધ્ધતિ દ્વારા માંદગી, ઇજા, શારીરિક ખોડ, વિકૃતિ અથવા સગર્ભાવસ્થા માટે નિદાન, સારવાર અથવા સંભાળ રાખવા માટેની જરૂરી સેવાઓ, સુવિધાઓ પૂરી પાડતા હોય તેવી હોસ્પિટલ, પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી, કલીનીક, સેનીટોરીયમ, આ ઉપરાંત લેબોરેટરી, તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજીકલ, બેકટેરીયોલોજીકલ, જીનેટીક, રેડીયોલોજીકલ, કેમીકલ, બાયોલોજીકલ તપાસ અથવા તપાસ વિષયક સેવાઓ આપવામા આવતી હોય તેવી સંસ્થાઓનો સમાવેશ કરાયો છે.આ સુધારા વિધેયક પસાર થતા નોટીફિકેશન દ્વારા રાજ્યની આરોગ્ય સંસ્થાઓને ક ા મ ચ લ ા ઉ રજીસ્ટ્રેશન માટેની અરજી કરવા માટેનો સમય છ માસ એટલે કે ૧૨ સપ્ટેમ્બર સુધી વધારવામાં આવશે. આ સુધારા વિધેયકની અન્ય મહત્વની જોગવાઈઓ વિશેની વિગતો ગૃહ સમક્ષ રજુ કરતા મંત્રીએ કહ્યું હતું કે, નિયમનકારી માળખાને ધ્યાનમાં રાખીને યોગ અને નેચરોપથી (નિસર્ગોપચાર પદ્ધતિ)ને માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિની વ્યાખ્યામાંથી બાકાત કરાઇ છે. જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળના આદેશો સામેની અપીલ સાંભળવા માટે રાજ્ય કાઉન્સિલને તેના સભ્યો પૈકી કોઈ એક વ્યક્તિને નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવી છે.

ચિકિત્સા સંસ્થા માટેની રાજ્ય કાઉન્સિલમાં ડેન્ટલ, હોમિયોપથી અને આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ માટે જે તે ચિકિત્સા પદ્ધતિની કાઉન્સિલ કે બોર્ડના એક એક સભ્યની નિમણુંક માટે જોગવાઈ કરી તે ચિકિત્સા પદ્ધતિની સંસ્થાઓનું પ્રતિનિધિત્વ પૂરું પાડવામાં આવ્યું છે. રાજ્ય કાઉન્સિલમાં નામનિયુક્ત સભ્યના હોદ્દાની મુદ્દત ત્રણ વર્ષની અને વધુ એક મુદત માટે પુનઃ નામનિયુક્તિ માટે પાત્રતા નક્કી કરવામાં આવી છે. જિલ્લા રજીસ્ટ્રેશન સત્તામંડળના સભ્ય સચિવ અને નામાંકિત સભ્યોમાં સુધારો કરવામાં આવ્યો તેમજ નામનિયુક્ત સભ્યની હોદ્દાની મુદ્દત ત્રણ વર્ષની અને વધુ એક મુદત માટે પુનઃ નામનિયુક્તિ માટે પાત્રતા નક્કી કરવામાં આવી છે. આ સુધારા વિધેયક સંદર્ભે ગૃહના વિવિધ સભ્યોએ વિગતવાર ચર્ચા કરી હતી અને ચર્ચાના અંતે આ વિધેયકને સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યું હતું.

> " નવા બિલ હેઠળ આરોગ્ય સંસ્થાઓને હંગામી નોંધણી માટેની અરજી કરવાનો સમય છ માસ વધારાયો : અંતિમ તારીખ ૧૨ સપ્ટેમ્બર "




### સુધારા વિધેયકના મુખ્ય અંશો

જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળના આદેશો સામેની અપીલ સાંભળવા માટે રાજ્ય કાઉન્સિલને તેના સભ્યો પૈકી કોઈ એક વ્યક્તિને નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવી નિયમનકારી માળખાને ધ્યાનમાં રાખીને યોગ અને નેચરોપથી (નિસર્ગોપચાર પદ્ધતિ)ને માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિની વ્યાખ્યામાંથી બાકાત કરાઇ ચિકિત્સા સંસ્થા માટેની રાજ્ય કાઉન્સિલમાં ડેન્ટલ, હોમિયોપથી અને આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ માટે જે તે ચિકિત્સા પદ્ધતિની કાઉન્સિલ કે બોર્ડના એક એક સભ્યની નિમણુંક માટે જોગવાઈ કરી તે ચિકિત્સા પદ્ધતિની સંસ્થાઓનું પ્રતિનિધિત્વ પૂરું પાડવામાં આવ્યું રાજ્ય કાઉન્સિલમાં નામનિયુક્ત સભ્યના હોદ્દાની મુદ્દત ત્રણ વર્ષની અને વધુ એક મુદત માટે પુનઃ નામનિયુક્તિ માટે પાત્રતા નક્કી કરાઇ જિલ્લા રજીસ્ટ્રેશન સત્તામંડળના સભ્ય સચિવ અને નામાંકિત સભ્યોમાં સુધારો કરવામાં આવ્યો તેમજ નામનિયુક્ત સભ્યની હોદ્દાની મુદ્દત ત્રણ વર્ષની અને વધુ એક મુદત માટે પુનઃ નામનિયુક્તિ માટે પાત્રતા નક્કી કરવામાં આવી.

# દસ્તાવેજ કચેરીમાં વેબસાઈટ ઠપ્પ

## દસ્તાવેજોની કામગીરી ફરી ટલ્લે ચડી : અરજદારોને ભોગવી પડે છે હાલાકી

રાજકોટ, તા. ૨૧.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર હાલ દરેક સરકારી કામગીરી ઓનલાઇન કરવા માટે મહેનત કરી રહી છે અને ઘણા ખરા વિભાગોમાં કામગીરી હવે પૂર્ણતઃ ઓનલાઇન થઈ ચૂકી છે પરંતુ ઘણા ખરા કિસ્સામાં જે ઝડપભેર કામગીરી થવી જોઈએ તે થતી નથી કારણ કે સર્વર અને સતત ટેકનિકલ કારણો સામે આવતા કામગીરી માં વિઘ્ન આવી રહ્યા છે અને અંતે અરજદારોએ હેરાન થવું પડે છે. રાજકોટ જિલ્લાની વાત કરવામાં આવે તો છેલ્લા ઘણા સમયથી દસ્તાવેજ નોંધણી કચેરી એટલે કે રજીસ્ટર ઓફિસમાં વેબસાઈટ ઠપ્પ થઈ ગઈ હોવાનું એક વખત નહીં અનેક વખત સામે આવ્યું છે. ત્યારે ફરી એક વખત ગઈકાલે રાજકોટની દસ્તાવેજ નોંધણી કચેરી ખાતે વેબસાઈટમાં કોઈ ટેકનીકલ ખામી સર્જાઇ હતી જેના કારણે અરજદારોમાં ફરિયાદો ઉઠી અને દસ્તાવેજની કામગીરી પણ ખોરંબે ચડી હતી.



રાજકોટ ખાતે આવેલી દસ્તાવેજ નોંધણી કચેરીઓમાં ફરી એકવાર વેબસાઈટ બંધ થવાની ફરિયાદો ઉઠી છે. દસ્તાવેજ નોંધણી માટેની સાઈબર ટ્રેઝરી વેબસાઈટ ઠપ થઈ જતા વકીલોમાં દેકારો બોલી ગયો છે.નોંધણી માટે મુકેલા દસ્તાવેજોની કામગીરી અટકી પડી છે, રેવન્યુ બારના એડવોકેટ વિજયભાઈ તોગડીયા દ્વારા ચીફ સેક્રેટરી અને સાઈબર ટ્રેઝરી ઓફિસને જાણ કરાઈ છે.જાણવા મળ્યાં મુજબ, છેલ્લા બે દિવસથી મિલકતના દસ્તાવેજ રજીસ્ટ્રેશન માટેની વેબસાઈટ ગરવીમાં પેમેન્ટ માટે ઉપયોગમાં લેવાતી વેબસાઈટ સાઈબર ટ્રેઝરી બંધ હોય, મિલકતના દસ્તાવેજ કરવામાં ખૂબ જ મુશ્કેલી ઊભી થઈ છે.

જે લોકોને નિશ્ચિત સમયમાં જ રજીસ્ટ્રેશન ફી ભરી અપોઈન્ટમેન્ટ લઈ દસ્તાવેજ કરવાનો હોય તે તમામ સામાન્ય પ્રજાને, વકીલોને, બિલ્ડરોને તેમજ મિલકતના વ્યવસાય સાથે સંકળાયેલ તમામ લોકોને ખૂબ જ હાડમારી ભોગવવી પડી રહી છે.મિલકત રજીસ્ટ્રેશનની તમામ કાર્યવાહી અટકી ગઈ હોય, તેની જાણ થતા આજરોજ રાજકોટ રેવન્યુ બાર એસોસિએશનના સેક્રેટરી વિજય તોગડીયાએ આ અંગે ચીફ સેક્રેટરી અને સાઈબર ટ્રેઝરી ઓફિસને આ સંબંધિત જાણ કરી અને ત્વરિત કાર્યવાહી કરવા જણાવેલ છે.

# રાજકોટ જિલ્લામાં ૧૫૦૦થી વધુ ધાર્મિક દબાણો

## રીવ્યુ બેઠકમાં રાજ્યના એડિશનલ કેબિનેટ હોમ સેંક્રેટરીએ મેળવી માહિતી

## રાજકોટ સહિત તમામ મહાનગરોના કલેકટરો સાથે યોજાઇ વિડિયો કોન્ફરન્સ

રાજકોટ, તા.૨૧

છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં જે ગેરકાયદે બાંધકામો અને જે ધાર્મિક દબાણ હોય તેને દૂર કરવા માટેના તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે મળતી માહિતી મુજબ આ અંગે રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક વિચાર કરી રહ્યું છે તો સામે સ્થાનિક પ્રશાસન પણ આ મુદ્દે કડક કાર્યવાહી કરી રહી છે. ત્યારે ગઈકાલે રાજ્ય સરકારના આસિસ્ટન્ટ કેબિનેટ હોમ સેક્રેટરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા વહીવટ કરતા હોય એટલે કે કલેક્ટરો સાથે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી હતી જેમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી કે જે ધાર્મિક દબાણનો છે તે કેટલા પ્રમાણમાં દૂર કરવામાં આવ્યા છે તો સ્થિતિ છે અને આગામી પ્લાન શું છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને જ હવે એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે રાજ્યમાં હવે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે ગેરકાયદે દબાણો છે અને સાથોસાથે ધાર્મિક દબાણો છે તેને દૂર કરવા માટેના પગલાંઓ લેવામાં આવશે. ધ્યાને લઈને જ હાલ રાજ્ય સરકાર દ્વારા બેઠક યોજવામાં આવી હતી.



રાજ્ય સરકારના એડિશનલ. કેબીનેટ હોમ સેક્રેટરીએ ગઈકાલે રાજકોટ સહિત રાજયભરના કલેકટરો સાથે વિડીયો કોન્ફરન્સ આયોજીત કરી ધાર્મીક દબાણોના મુદ્દે રિવ્યુ લીધા હતા.રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આ વિડીયો કોન્ફરન્સમાં કલેકટર તેમજ પ્રાંત અધિકારીઓ પણ જોડાયા હતા. આ વિડીયો કોન્ફરન્સના પગલે કલેકટર દ્વારા આજે આયોજીત કરાયેલ રેવન્યુ અધિકારીઓની બેઠક પણ મોકૂફ રાખી દેવામાં આવી હતી.સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટ જીલ્લામાં ૧૫૦૦ જેટલા ધાર્મીક દબાણો સરકારી જમીન પર અનઅધિકૃત રીતે ખડકાયેલા છે. આ મામલે આસી. કેબીનેટ હોમ સેક્રેટરી દ્વારા રિવ્યુ લઈ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું.

બીજું મહત્વનું પરિબળ એ પણ છે કે દર મહિને આ અંગે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવતી હોય છે અને કયા પ્રકારની કામગીરી કરવામાં આવી અને કયા પ્રકારની કામગીરી થવી જોઈએ તે મુદ્દે ચર્ચા પણ કરવામાં આવે છે પરંતુ જે નક્કર કામગીરી થવી જોઈએ રાજકોટ જિલ્લામાં તે હજુ સુધી થઈ નથી જેને લઇને હાલ અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને ખાસ રાજ્ય સરકાર માંથી પણ રાજકોટ ને તજજ્ઞોના જણાવ્યા અનુસાર વધુ સૂચનાઓ પણ આપવામાં આવતી હોય છે ત્યારે હવે આગામી દિવસોમાં રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા ક્યા પ્રકારે પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.

ધાર્મીક દબાણોના મુદ્દે હાઈકોર્ટના દિશાનિર્દેશ મુજબ સરકાર દ્વારા ખાસ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. જે મુજબ કામગીરી કરવા આસી. કેબીનેટ સેક્રેટરી દ્વારા તાકીદ કરવામાં આવી હતી.અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજયભરમાં સરકારી જમીનો પર દબાણોનો મુદો એ પેચીદો પ્રશ્ન બનેલ છે. સરકારી જમીન પર ખડકાયેલા દબાણના મામલે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે જેની સાથોસાથ હવે ધાર્મીક દબાણોના મામલે પણ તંત્ર ગંભીર બન્યું છે. છેલ્લા ઘણા સમયથી રાજ્ય સરકાર દ્વારા જે દબાણો દૂર કરવા માટેના આદેશો કરવામાં આવ્યા છે તેને ધ્યાને લઈ આગામી દિવસોમાં હવે તીવ્ર વ્યક્તિ કામગીરી હાથ ધરવામાં આવશે કારણ કે રાજકોટ સહિતના જિલ્લાઓમાં એ બાદની સ્પષ્ટતા અને ખાસ યાદી ધાર્મિક દબાણ માટેની તૈયાર કરવામાં આવેલી છે જેના પર હવે જિલ્લા કલેકટર અને રેવન્યુ સ્ટાફ કામગીરી હાથ ધરશે. ગઈકાલની બેઠક બાદ આજે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા રેવન્યુ અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતુ કે આગામી દિવસોમાં આ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવે.

# ક્યાંય નહિ તો તસ્કરીયઓ દાઉદી વ્હોરા સમાજના કબ્રસ્તાનમાં ઘુસ્યોઃ હાથ ઉંચા કરી દૂઆ કરી પછી ચોરી કરી!





## વિડીયો વાયરલ થયોઃ ચોરની સમગ્ર ગતિવિધી કેદ થઇઃ પોલીસ તપાસનો ધમધમાટ

રાજકોટઃ અમુક ગુનેગારો એવા હોય છે જે ગુનો આચરતા પહેલા ભગવાનની માફી માંગતા હોય છે અથવા તો પુજા કે ઈબાદત કરતાં હોય છે. એક આવી જ ઘટના રાજકોટ શહેરમાં બની છે. જેમાં શહેરના ભાવનગર રોડ પર પટેલ વાડી સામે સોળ થંભી નજીક આવેલા આવેલા દાઉદી વ્હોરા સમાજના કબ્રસ્તાનના મજારના રૂમમાં ચોરીનો બનાવ બન્યો છે. અહિ ચોર ધીમેથી મજારવાળા રૂમમાં ત્રીકમ સાથે ઘુસી બાદમાં મજાર સામે બે હાથ ઉંચા કરી જાણે ચોરી કરી ઈબાદત કરતો, માફી માંગતો જોવા મળે છે. બાદમાં આ રૂમમાં જ આવેલી દાનપેટીને ત્રીકમથી તોડી ચોરી કરી ભાગી જાય છે. આ ચોરની સમગ્ર ગતિવિધી-ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે અને ઘટના વાયરલ થઇ છે. આ અંગે બી-ડિવીઝન પોલીસને કબ્રસ્તાનની દેખરેખ રાખતાં સમાજના આગેવાનોએ જાણ કરતાં તપાસ શરૂ થઈ છે. અગાઉ પણ આ પ્રકારની ચોરીઓ થઇ છે. જેમાં મંદિરોમાં ઘુસી ચોરી કરતાં પહેલા ચોર પગે લાગતો દેખાયો હતો. થોડા સમય પહેલા ભગવતીપરા ઓવર બ્રીજ નજીક મંદિરમાં ઘુસેલા ચોરે પણ પહેલા દર્શન કર્યા હતાં અને પછી ચોરી કરી હતી તેવો વિડીયો વાયરલ થયો હતો. આ વખતે કબ્રસ્તાનમાં ચોરે કળા કરી છે.

# કોઠારીયા સોલવન્ટમાં પાણી ઢોળાવા મામલે પડોશીઓએ ધોકા-પાઇપ ઉલાળ્યાઃ ત્રણ ઘાયલ

## બીજા બનાવમાં મોબાઇલ ફોનના હપ્તા બાબતે મિત્ર પર મિત્રની ધોકાવાળી

રાજકોટઃ પડોશીઓ વચ્ચે પાણી ઢોળવા મામલે જામી પડી હતી. કોઠારીયા સોલવન્ટમાં પાણી ઢોળવા મામલે થયેલી બોલાચાલીમાં પડોશીઓ વચ્ચે ધોકા-પાઇપ ઉડતાં બે મહિલા સહિત ત્રણને ઈજા થતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. જાણવા મળ્યા મુજબ કોઠારીયા સોલવન્ટમાં સરકારી સ્કૂલ પાછળ રહેતા પ્રવીણભાઈ ઓઘડભાઈ દેરવાડીયા અને તેમના પત્નિ કિરણબેન સવારે ઘર પાસે હતાં ત્યારે પાડોશી વનીતાબેન તેના પતિ છગનભાઈ, હુસેનભાઈના ઘરના સહિતે ઢીકાપાટુ અને લાકડીથી મારમારતા બંનેને સિવિલમાં ખસેડાયા હતાં. પ્રવિણભાઈને સારવાર માટે દાખલ કરાયા હતાં.



તેમના પત્નિ કિરણબેનના કહેવા મુજબ સવારે નળનું પાણી આવ્યું હોઇ જે પાણી છલકાઈ પડોશીના ઘર તરફ જતા વનીતાબેને બહાર આવી તમારે તો આ રોજનું થ્યું કહી માથાકુટ કરી હતી એ પછી મારામરી થઇ હતી. સામા પક્ષે નીતાબેન છગનભાઇ મકવાણા નામના મહિલા પણ પોતાને પ્રવીણભાઈ, કિરણબેન અને તેની દીકરી વૈશાલીએ લાકડીથી માર માર્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં બંને પક્ષની માથાકુટની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરી હતી.

બીજા બનાવમાં રૈયા રોડ યોગીનગર શાક માર્કેટ પાસે રહેતાં અને વજનકાંટાનું કામ કરતાં છવ્વીસ વર્ષના ભાર્ગવ જયસુખાઇ સોની પર રાતે યુનિવર્સિટી રોડ દ્વારકાધીશ હોટલ નજીક રહેતાં તેના જ મિત્ર અભિ, અભીના સગા મહેશભાઇ સહિતનાએ હુમલો કરી ધોકાથી માર મારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં યુનિવર્સિટી પોલીસને જાણ કરાઇ હતી.

ભાર્ગવના કહેવા મુજબ તે અને મિત્ર જયદિપ જાદવ મિત્ર અભીના ઘરે ગયા હતાં. અભીએ મારા નામે એક આઇફોન અને જયદિપના ક્રેડીટ કાર્ડ પર બે આઇફોન ખરીદ કર્યા હોઇ હવે તે હપ્તા ભરતો ન હોઇ તેની વાત કરવા માટે અમે બંને મિત્રો તેના ઘરે જતાં તેના સગાએ ગાળાગાળી કરતાં ડખ્ખો થયો હતો અને મારા પર હુમલો કરાયો હતો.